R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 56 Issue No. 9

December - 2013

## ૬૨મો વાર્ષિક રસોત્સવ




**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત ૬૨મો વાર્ષિક રસોત્સવ**

2nd Cover Page



# SHREE BALASINOR NAVYUVAK SANGH
## SHRI RAJNIKANT KANTILAL KADIKIA (Dhariwala) SPONSORED
## 62 ANNUAL RASOTSAV

| SR.NO. | NAME OF DONOR | AMOUNT |
|---|---|---|
| 1 | SMT.URMILABEN ANILBHAI DHAIRA (BALBAL) | 15000 |
| 2 | SHRI ASHOKBHAI DINKARLAL SHAH | 15000 |
| 3 | A WELL WISHER | 15000 |
| 4 | SMT.BINDUBEN PARESHBHAI PARIKH<br>HASTE PARESH OCCHAVLAL PARIKH | 15000 |
| 5 | SMT. KOKILABEN MADHUSUDAN BHIKHALAL KADAKIA ( FADIA) | 15000 |
| 6 | A WELL WISHER | 15000 |
| 7 | SMT. ARUNABEN RAMESHCHANDRA KADAKIA (DHARIWALA) | 15000 |
| 8 | SHRI RAJNIKANT OCCHAVLAL SHAH(THASARAWALA) | 15000 |
| 9 | A WELL WISHER | 15000 |
| 10 | SMT HASUMATIBEN MAGALDAS MODY | 15000 |
| 11 | SMT DIMPLEBEN JATINBHAI KADAKIA | 15000 |
| 12 | A WELL WISHER | 15000 |
| 13 | SMT URVASHIBEN JAYENDRABHAI GANDHI | 15000 |
| 14 | GREENS ELECTRIC CORPORATION - SHRI RASIK RATHOD | 15000 |
| 15 | A WELL WISHER | 15000 |
| 16 | A WELL WISHER Committe Members Snacks | |
| 17 | A WELL WISHER Lucky Draw Gift | |



૬૨મા વાર્ષિક રસોત્સવમાં આનંદ માણતા સૌ પ્રેશકો તથા આમંત્રીતો

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૭ | ૦૯ | ૨૧-૧૨-૨૦૧૩ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

દેવાંગ મોદી/ જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઇઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


**તંત્રી મંડળ તરફથી**

# મન હોય ત્યાં મેળો

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

### 'મન હોય તો માળવે જવાય'

આપણા જીવનમાં, જીવન વ્યવહારની પધ્ધતિમાં મન ઘણો ભાગ ભજવે છે. જીવનની ચડતી અને પડતીની અવસ્થા ઘણીવાર મનને લીધે શક્ય બની જાય છે. મન ચંચળ છે. મન આપણા કહ્યામાં રહેતું નથી, પોતાની રીતે વર્તે છે.

**મારું મન મોહી ગયું, મારું મન મોહી ગયું.**
**હે તને જાતા જોઈ પનઘટની વાટે**
**મારું મન મોહી ગયું**

પ્રખ્યાત ગાયક મુકેશના સુમધુર કંઠે ગવાયેલુ આ ગીત આપણે અનેકવાર સાંભળ્યું છે. અહીં દ્રષ્ટિ મન ને તાણી જાય છે. જે જોઈ લીધું છે તે મન ને ગમી ગયું છે. મન વારંવાર પનઘટની વાટ પકડવા ચાહે છે. મન ને ચાવી ભારવાનું કાર્ય ઈન્દ્રિયો કરે છે. સાંજ પછી ઈવનીંગ વોકમાં નીકળ્યા હોઈએ અને અચાનક રાતરાણીના ફૂલોની ખુશ્બુ આવી જાય તો વારંવાર તે તરફના માર્ગે ચાલવાનું આપણે વધુ પસંદ કરીએ છીએ. તેવી જ રીતે સ્વાદ પણ અગત્યનો ભાગ ભજવે છે. જાણે અજાણે તે તરફ દોરી જાય છે. મઠિયા તો આભાના હાથ નાજ ખાવા જોઈએ, સ્વાદિષ્ટ ચેવડો ખાવો હોય તો ચાલો કિર્તીભાભીને ત્યાં, અરે આ સિઝન માં ઉંધિયું ખાવા ચાલો દિપ્તીભાભીને ત્યાં, સાલમપાકને, સોંહાગ સૂંઠ, તો સાન્તામાસીના જ ખવાય. ખાસવાત : સ્વાદિષ્ટ અને પરંપરાગત રસોઈકળા તો બાલાસિનોરની સૌ

બહેનોનીજ, જેનું ગર્વ આપણને સૌને છે.

સિદ્ધિના શિખર પ્રાપ્ત થાય અથવા પાયમાલીનુ કારણ મન બને છે. ઈશ્વરે મનુષ્યને બુદ્ધિ આપી છે. વિવેક બુદ્ધિ દ્વારા મનને વશમાં રાખવાનું છે, મનને કહ્યામાં રાખવાનું છે. જીવનમાં સારા સંસ્કાર દ્વારા સદ્‌ગુણો અને નિયમો દ્વારા આપણે મનને વશમાં રાખી શકીએ.

મનની ચંચળતા આપણે હોઈએ ત્યાંથી અનેકઘણી દૂર સુધી લઈ જાય છે. આપણે ઘરે બેઠા હોઈએ ને અચાનક જ મન દ્વારા આપણે ઓફિસ, મિત્ર કે પરદેશ સુધી પહોંચી જઈએ છે. જાગ્રત થઈને ફરી આપણે આપણી સ્થિતિ તરફ ફરવું પડે છે. બાળક વર્ગમાં ભણતું હોય પણ ધ્યાન ભણવામાં હોય નહી. એનું મન ભણવામાં ચોંટેલું હોય નહીં. આમાં દોષ બોળકનો નથી. ઘણીવાર જે તે વિષય તેને ગમતો નથી હોતો. ત્યારે આપણે આ વિષય અલગ રીતે ભણાવવો જોઈએ, ચિત્રો દ્વારા, રમત દ્વારા, ઉદાહરણ રજૂ કરીને વગેરે. ઘણીવાર વર્ગશિક્ષકનો અવાજ બાળક સુધી બરાબર પહોંચતો ન હોય ત્યારે બાળકનું ધ્યાન ભટકાઈ જાય છે. વિષય સમજી શકતો નથી. મન તે બાબત થી દૂર લઈ જવા પ્રેરાય છે અને રસ, રુચિ ઉડી જાય છે. મન, એટલે આત્માની વિચારશક્તિ, સંકલ્પશક્તિ

**કવિ શ્રી સુરેશ દલાલના શબ્દોમાં...**

**મેં તો મારા જન્માક્ષરમાં**
**હરિવરજીને એક પલકમાં, એક ઝલકમાં**
**લીધા હૃદયથી વાંચી રે.**
**મારા બારે બાર ખાનામાં**
**મોરપિચ્છ ને મંજીરા છે**
**મુરલિયાના સપ્ત છિદ્રમાં**
**મીરાં મીરાં મીરાં છે.**
**'પગ ઘુંઘરું બાંધ મીરાં નાચી રે'.**

મીરા હવે મેવાડની રહી નથી, રાણાના ભોગ-વિલાસમાં એને અટવાવું નથી. મીરા મનથી શામળિયા ને વરી ચૂકી છે. ભાન - સાન ખોઈને મીરાનાં મનમાં ગિરધરગોપાલ સિવાય કોઈનું નામ નથી, કોઈનું સ્થાન નથી.

બસ, એક જ નામ એના સિવાય કોઈને સ્થાન નહીં ફક્ત ક્રિકેટ, ક્રિકેટ અને ક્રિકેટ. આત્માથી, બુધ્ધિથી મનથી પૂરેપૂરી ચાહનાથી ક્રિકેટને પોતાનું સર્વસ્વ બનાવનાર સચીન તેંડુલકરને સો સો સલામ.

'વેલ-ડન' આ શબ્દો છે. વિશ્વ વિખ્યાત, ભારતરત્નના સાચા હકદાર સચીન રમેશ તેડુંલકરના કોચ રમાકાંત આચરેકર ના. 'જો વહેલી પ્રશંસા કરી હોત તો હું નબળો ક્રિકેટર પૂરવાર થાત'. એવું સચીને ૨૦૦મી ટેસ્ટના પ્રવચનમાં લાગણીભીના સ્વરે કબૂલ કર્યું.

બાલાસિનોરના ક્રિકેટરો પણ પોતાની શાનદાર રમત દ્વારા દુનિયા પર છવાઈ જાય તેવી સૌ બાલાસિનોર વાસીઓની ખેવના છે. ક્રિકેટની રમતને આપણી નાતમાં જે પ્રાધાન્ય મળ્યું છે તેમાં ઘણા લોકોનો અમૂલ્ય ફાળો છે. આપણા ક્રિકેટ જગતના વર્તમાન મેનેજર સંજીવ કિરીટ ધારીઆ આપણી ક્રિકેટને નવા ઉંચા સ્તરે લઈ જવા બહુમુલ્ય યોગદાન આપી રહ્યા છે. એક દિવસીય બાલાસિનોર ખાતેના રમતના તેઓ એક માત્ર સેન્ચુરી બેટ્સમેન રહ્યા છે. અત્યાર સુધી સફળ કન્વીનર, કેપ્ટન રહી ચૂકેલા આ વર્તમાન મેનેજરને મેં સચીન તેંડુલકર માટે પોતાના અભિપ્રાય આપવા જણાવ્યું ત્યારે તેમણે ખેલદિલ અને ઉત્સાહપૂર્વક

જણાવ્યું તે **વાંચો સંજીવ કિરીટ ધારીયાની કલમે...**


Short in height, but tall in demeanour; curly hair but a straightforward heart; records god-like but still down to earth. Well it wouldn't be difficult to guess that we are talking about none other than Sachin Ramesh Tendulkar.

Watching Sachin play cricket was more like a habit. During the upcoming test series; imagine if India lose two quick wickets, and it is not sachin coming out to bat. It would be a feeling of emptiness, a loss of something which you are so used to over the years. That is what sachin meant to Indians over the years: Hope. While he was out there was always hope that India could win the match, that a miracle was round the corner.

Sachin, was like a dream for millions of Indians; it gave us hope that if a young middle class boy could make it so big through sheer hard work and perseverance then we can do it too.

Coming to his cricker abilities and commitment on the field, I don't think anyone had the power to mesmerise cricket loving fans like he did. The century at perth in 1992, twin centuries at Sharjah, the 98 vs Pakistan during 2003 world cup, the first ODI double century, and so many such knocks will be etched in our memories forever.

This man had united India like on one else. All indians irrespective of their age, religion, caste, creed erupted in joy every time he scored




and became somber when he failed. As he gave his farewell speech, the entire nation just heard and admired him. It is not his records but the love and respect he commands from people is the testimony to his greatness.

Hope he has a great post retirement life and we wish him all the best.

To end with, one question will seize to exist forever now, Boss, India toh jeet gaye par sachin ne kitna maara? **- Mr. Sanjiv Kirit Dharia**

આપણી શ્રેષ્ઠ બુદ્ધિ, સાચી સમજ જ મન ને ખરા માર્ગે વાળે છે અને ધ્યેય હાંસલ કરવા માટેના સઘળા માર્ગ ખુલી જાય છે. બાકી તો મન હંમેશા પ્રેમ, દયા, કરુણા, સમર્પણ તરફ જાય છે, તેમ રાગ, દ્રેષ, વેરઝેર તરફ પણ જાય છે. માટે જ જેણે મન પર લગામ તાણી છે ત્યાં આનંદ અને આનંદ જ છે. ✤✤✤✤

# મરણ પછી પ્રભુને શરણ

**- શૈલેષ કી. દેસાઈ**

૨૫૦ થી ૩૦૦ની ભીડ પણ ભારે સન્નાટો, હૃદય ફાટ રુદન જેવો ચિત્કાર, આકાશ પણ ન સમાવી લેતા પૃથ્વી પર પરત આવે છે, એક સ્ત્રી જેના વસ્ત્રોના ઠેકાણા નથી, ભૂસાઈ ગયેલ ચાંદલો, નંદવાઈ ગયેલી બંગડીઓને આંસુઓ તો જેમ ઉત્તરાખંડમાં આભ ફાટયુ, બે બાળકો તેના બન્ને પગ પર વિટળાઈ એટલું રડે છે કે જેમ સુરતનો ઉકાઈ ડેમ ફાટયો. એક બાજુ અગરબત્તીઓ ને બીજી તરફ બળેલા છાણાના અંગારા, ચિરનિદ્રાંમાં સૂતેલાની આંખ પર અબિલ ગુલાલ ને છાતી પર હારોના ઢગલા, બે નેત્રો શબને જોઈ કહે છે,

**ખોલ આંખે, અપને પાસ ન આ શકે**
**જાગ મેરે સંસાર કે લીયે,**
**જીંદગી બેતાબ હૈ તેરે લીયે,**
**આ ગલે લગજા ઉસી અંદાજ સે,**
**મેરી રુકુ કૈ તુ મુજસે પહેલે મર નહી શકતા.**

**મરણ એટલે**

વૃધ્ધો માટે મુક્તિ,
નવોઢા માટે શ્રાપ,
પિડીતો માટે આર્શીવાદ,
મા- બાપ માટે અંધાપો
ત્રીસી માટે અભિશાપ,
ચાલીસી માટે મધ્યાંગે સૂર્યાસ્ત
આકસ્મિક માટે ચાલુ ખેલે પડદો

કાંઈક કર્યા વગર મરનારનું મરણ કહેવાય છે, પણ પરોપકારીનું જીવન સ્મરણમાં રહે, તે જીવન ધન્ય છે. મરણ સૌ માટે અણગમતો વિષય છે. જ્યારે સેકસ મોટે ભાગે ગમતો વિષય છે. મરણ નવા પ્રાગટય માટે વિલિન થવાની રચના છે. મરેલાનો આત્મા કોઈને કોઈ શરીરમાં નવજીવન અર્થે છે તેમ સેક્સથી પણ નવજીવનનું પ્રાગટય થાય છે. નિયતીનો એ નિયમ છે કે આકારને નિરાકારમાં પલટવું, નિયતિની (કુદરતી) રચનામાં મૃત્યુ અંતિમ છે.

નરસિંહ મહેતાએ મોક્ષ ન હતું માંગ્યું,
શંકરાચાર્યે જગદંબા પાસે માંગેલુ,
હરીના જનતો મુક્તિ
ન માંગે, માંગે જન્મોજન્મ અવતાર રે....

સ્વામી વિવેકાનંદે કહ્યું જીવનના પડછાયામાં જ મૃત્યુ છુપાઈને બેઠેલું હોય છે. જીવન છે તો મૃત્યુ છે, મૃત્યુ છે તો જીવન છે.

મીરાબાઈની બે પંક્તી છે,

**ના લે ધો લે, શિસ ગુંથાલે, કરલે સિંગાર,**
**ચતૂર અલબેલી, સાજન કે ઘર જાના હે,**

મિરજાગાલીબનો એક શેર છે,

**''લાઈ દયા તો આયે,**
**કર્ઝા લે ચલી ચલે,**
**અપની ખુશો હો ન પાયે પે અપની ખુશી ન ગયે.**
**'હયા' એટલે જીંદગી, 'કર્ઝા' એટલે મૃત્યુ**

આ જગતમાં આપણી મરજીથી આવ્યા નથી ને આપણી મરજીથી જવાના નથી.

શરીર શાસ્ત્રી કહે છે, શરીર પ્રતિક્ષણ મરી રહ્યું હોય છે. દર સાત વર્ષે શરીર બદલાય છે. જીવનની ક્ષણ ભંગૂરતાનો એકવાર મન સ્વીકાર કરી લે તો જલશો પડી જાય.

તિર્થધામ જેવા કે કાશી, ગયા કે પ્રયાગમાં થોડા વર્ષોથી મોક્ષ માટે મરવા આવનારાઓને મકાન ભાડે આપવાનો ધંધો ધીકતો ચાલે છે. મોક્ષ-મૃત્યુ માટે આવેલાને અગ્નિ સંસ્કાર કરવા દલાલો પણ અહીં મળે

છે. કરુણતાની હદ તો જુવો કે મોક્ષ મેળવવાની લાલસામાં અહી આવેલાને મોત ન પામે તો તેઓ આપઘાત કરે છે. વર્ષે દહાડે પચાસેક મૃત્યુ આપઘાતથી થાય છે.

ઈસ્લામમાં મૃત્યુ પછી કોઈ વિધિઓ હોતી નથી. જે દિવસે મૃત્યુ નહી હોય તે દિવસે જીવનનું અસ્તીત્વ નહી હોય. જેનો પુનરપિ જન્મ નથી તેવા મૃત્યુને જ્ઞાનીઓએ 'નિર્વાણ' કહ્યું છે. જાપાન મૃત્યુ માટે બોલાય છે કે 'મૃત્યુ પીછાં કરતાં પણ હલકું હોય છે અને પહાડ કરતાં પણ વજનદાર હોય છે.

સંબંધો મૃત્યુ પછી સમજાય છે. 'સૂતક' શબ્દનો અર્થ છે કે તેર દિવસ શોક પાળવો, સાદો ખોરાક લઈ શરીર તથા મનની શુધ્ધિ તરફ ધ્યાન રાખવાની વાત છે. 'શ્રાધ્ધ' એટલે પૂર્વજોને ભૂલી ન જતાં માનભેર યાદ કરવાની વાત છે.

રાજકોટના ડેન્ટલ સર્જન અને વિચારક ડૉ. સુનિલ શાસ્ત્રી તો ત્યાં સુધી કહે છે કે,'આજના અધ્યાત્મિક જગતમાં ખતરનાક વસ્તુઓ સર્જાઈ રહી છે. ધર્મ સાથે સંબંધિત પાંખડીઓએ તો અધ્યાત્મના વિષયને વેંચાણ કેન્દ્ર બનાવ્યું છે.

શોક ફક્ત મમત્વથી થાય છે. આપણે છાપામાં આવું કંઈક વાંચતા હોય છે કે અમરનાથ જતા બરફના તોફાનને કારણે ૬૫ યાત્રાળુઓ મરણ પામ્યાં, જાપાનથી સાઉથ આફ્રીકા જતું પેસેન્જર વિમાન ખૂબ ખરાબ હવામાનને કારણે પર્વતિય વિસ્તારમાં તૂટી પડયું, જેમાં ૩૫૦ મુસાફરો હતા, કોઈ બચવા ન પામ્યું. ૩૫ વર્ષનો યુવાન અંધેરી ફાટક પાસે થાંબલા સાથે અથડાતા મૃત્યુ પામ્યો પછી બીજી જ ક્ષણે આપણે પત્ની કે નોકરને ઓર્ડર કરીયે છીયે કે લાવ ગરમા ગરમ ઉપમાં ને સાથે બટાકા પૌવા સાથે ગિરનારની ચા. અહી મૃત વ્યક્તિ સાથે વાંચનારને કોઈ સંબંધ નથી કે મમત્વ નથી. સુનીલ દત્તનું એક પીકચર હતું 'દર્દ કા રિશ્તા' જેમાં પોતે ડૉકટરનો રોલ કરે છે ને અનેક ઓપરેશનો નિષ્ફળ કે સફળ જતા તે નિહાળે છે. અનેક દર્દીઓના દર્દને કારણે મૃત્યુ પામતા તે દિલાસો પણ આપે છે, પણ પછી જ્યારે પોતાની છોકરીનું જ કેન્સર ને કારણે મૃત્યુ પામતાં કહે છે કે પોતાની લોહીથી બનેલા સ્વજનનું મૃત્યુ ઉપજતાં, જગતમાં તેનાથી વિષેશ કોઈ શોક નથી. પોતાની પીડા સહન કર્યે રાખવાનું દૂષચક્ર શ્રી કૃષ્ણના સુદર્શન કરતાં પણ વધારે ધારદાર હોય છે. જગતનો કોઈપણ કવિ કે લેખક મૃત્યુથી થતાં શોકને વર્ણવી શક્યો નથી. ગીતાના પ્રથમ અધ્યાય 'અર્જુનવિષાદ યોગ' માં જ્યારે અર્જુનને ધનુષબાણ ઉપાડયા પછી તીર છોડતા પૂર્વે 'મમત્વ' વચમા આવે છે. મોહમાં ભાવૂક અર્જુન થતાં તે વિચારમાં પડી જાય છે કે સામે પાર મારા ભિષ્મ પિતા કે જેઓ પ્રત્યક્ષ સૂર્ય સમાન અને ગંગાનંદન છે, શત્રુરૂપી હસ્તીને સાક્ષાત સિંહવત ભાસનાર પરાક્રમી કર્ણ છે, રણવિજયી કૃપાચાર્ય પણ છે, વિર્કણ વિરની બાજુમાં અમાસ અસ્વસ્થામાં છે, પ્રત્યક્ષ કાળને પણ જેનો ડર લાગે છે ને યુધ્ધ ભૂમિમાં સદૈવ વિજય પામનાર સૌર્યદિત્ત, આ સર્વેને મારી ને જીત્યા પછી જીતેલુ સામ્રાજ્ય કોણ ભોગવશે. ભોગવવા વાળા બધા જ મરી જશે તો જીતીને જીતેલુ રાજ્ય ચલાવીશ કોના માટે ? ત્યારે વાસુદેવ કૃષ્ણ અર્જુનને ઉપદેશ આપે છે કે 'તૂ શોક ન કર' તૂ જેને મારવા જાય તે તો ક્યારનાએ મરી ગયા છે, તે તો ફકત નિમિત્ત માત્ર છે. તું પરિણામની ચિતાં ન કરતા. તુ યુધ્ધ કર, તે જ તારા માટે શ્રેષ્ઠ કર્તવ્ય છે.

વાસુદેવ કૃષ્ણને ઉપદેશ આપતા ગીતાની રચના થઈ, ૭૦૦ શ્લોક દ્વારા અર્જુનને ઉપદેશ આપે છે પણ

હવે આજના જમાનામાં ભગવાન શ્રી કૃષ્ણને ઉપદેશ આપવાની જરૂર નથી કે 'તૂ શોક ન કર' મરણ બાદ શોક તો બરફની માફક પીગળી જાય છે. શોક દર્શાવવા શોક સભા ભરાય છે, જેમાં સભા ભરાય છે પણ શોક નથી હોતો. સભામાં રાજકારણની, ડોલર-રૂપિયાની વધઘટ, શેરબજારની ઉથલ પાથલ, શાકભાજીના ભાવો, મોંઘવારીની જ ચર્ચા હોય છે. પાંચમના ઉઠમણાં પછી તો વિરલો Cream Center ની લાઈનમાં ઉભો હોય છે. બહારના કોઈ વેઈટરને થોડી થોડી વારે પુછે છે નંબર લગા! લગા !લગા ! ફક્ત બે માઉસના લોચા અન બાર મરોડદાર અંગોને ચૂંથવાનો વ્યવહાર પૂરો થઈ ગયો. માની લીધું કે A Sex is By Product of Love પણ મૃત્યુનો કોઈ મલાજો નથી, સ્ત્રીનુ સર્મપણ યાદ કરતા રાખના અંગારાને ઠરવું ગમતુ નથી. તેને જલવું રહી સર્મપણની વેદના તાજી કરે છે. સ્ત્રીને ફાળે સર્મપણ વધારે જાય છે, ઘરમાં નોકર હોય કે ન હોય વાસણ કે ઘરની સ્વચ્છતામાં કોઈ ફરક જણાતો નથી. આર્થિક પરિસ્થતિ ઉઘરાણીવાળાઓને દાગીના ધરતા અચકાટ નથી હોતો, ફરી કમાઈશુ ને ફરી વસાવસુ, આવુ કહેનાર કોણ? હોસ્પિટલમાં Extra Bed ન મળતા ચાદર પર સાત આઠ રાત સુઈ જનાર કોણ? લોહી કે ઉલટી સાફ કરનાર કોણ? જ્યારે જુવાનિયા હતા ત્યારે પૈસા ન હતા, ને પૈસાની છુટ થઈ તો તેઓ ચાલી ગયા, પણ પ્રેમ તો સરખો જ વહેવડાનાર એ સ્ત્રી કોણ? રાંધતા ખાવાનું ખુટે તો પોતે ઓછા કોળીયા ભરનાર કોણ? તમે વિચારો કે ઘરના કોઈ કામ કરવાની કદાપી ના પાડી છે?

સ્ત્રી એટલે તો સર્મપણની મૂર્તિ ગણાય છે. પતીના સર્મપણ કરતા સ્ત્રીને ફાળે સર્મપણ કરવાનું વધારે કુદરતને મંજુર છે, ને એ નારી સર્વે ભારને સ્થિતપ્રજ્ઞની જેમ ઉઠાવી લે છે. લગ્નબાદ પ્રથમ દિવસે મા બાપનું ઘર, ને રાત્રે વસ્ત્રો ત્યજવા પડે છે. કન્યા મટી સ્ત્રીનો દરજ્જો નિભાવવા પહેરવેશ બદલવો પડે છે.

કોમાર્ય છોડી, નવ માસ ભાર સહન કરવો પડે છે.
માતા બનવા જુવાની છોડવી પડે છે
બાળક માતાના પદને જન્મ આપે છે.

A Child gives Birth to a Mother" દિયર, નણંદ, જેઠ-જેઠાણી સાથે હળી મળી રહેવું પડે છે. સાસરિયા સગાને માનભેર 'જી' શબ્દથી નવાજવા પડે છે. બાળકના ભરણ પોષણ અને શિક્ષણની જવાબદારી અદા કરવી પડે છે. ભવિષ્યમાં આવનાર વહુ કે જમાઈ સાથે તાલમેલ મેળવવા પડે છે. ઘરની આર્થિક વ્યવસ્થા સંભાળવી પડે છે. પતિના મરણબાદ કાંચની બંગડીઓ, ચાંદલો, મંગળસૂત્ર ત્યજી હંમેશા સફેદ વસ્ત્રો પહેરવા પડે છે.

Doctor ના Conform news પછી મા બાપને સ્વપ્નોની દુનિયા શરૂ થાય છે.

પ્રથમ ગર્ભમાં
પછી પેટમાં,
પછી ઘોડીયામા
પછી શાળામાં
પછી કોલેજમાં પછી યારો
રાજકુમાર રાણી લાવશે
જબ જબ વો મુસ્કુરાયેગા, અપના સવેરા હોગા,
દિનકા વો સૂરજ હોગા, રાતો કા ચાંદ સિતારા
વો જીવન પ્રાણ હમારાં.....

પ્રથમ સાત વર્ષ બાળકને Toys ની દુનિયા હોય છે. પછીના સાત વર્ષ રમત ગમતને મિત્રોની દુનિયા હોય છે પછી Classce ની ભાગદોડમાં જ રહે છે. બાળક ગમે તેવુ હોય તે મા-બાપને ખૂબ જ ગમે છે. અહીં

કુદરતનો ખેલ સમજવા જેવો છે કે તે પ્રેમ વાત્સલ્ય, લાગણી ને કારણે મા-બાપ આંખોની સામે જ રાખે છે. મગજની એક નસ તેની પાછળ વ્યસ્ત થઈ જાય છે. ગમતા બાળકને કદાપી કાળને પણ કોળીયો ભરવા મન થઈ જાય છે. બાળક જ ન હોય કે ન જન્મ લેતો સારુ, પણ રાજકુમાર સ્વપ્નો ને અધૂરા મૂકી જાય તો ? દુનિયામાં સૌથી મોટો ભાર

બાપકે કધોં પે બેટેકા જનાઝા

ને પછી મા બાપને મન તો અંધાપો, પણ અંધાપામાં સ્વપ્નો તો જોવા જ પડે ?

મધ્યાંગે સૂર્યાસ્ત પછી પ્રથમ રાત્રીએ ઓશીકા પર આંસુઓનું ખોબાચીયુ ભરાય છે, પડખુ ફેરવતા આકૃતિ ને આકાર ભાસે છે પણ અસ્તીત્વ નથી, મન માનવા તૈયાર નથી હમણાં આવશે અહીં કહી ગયો હશે. A.C. ચાલુ કરવા ગયા હશે, નેત્રપ્રભા નાખવા ગયા હશે, ઈસબગુલ ખાવા ઉઠયા હશે, મને એકલી મુકીને ક્યાંય જાય નહી, તમે ક્યાં છો ? તમે ક્યાં છો ? તમે ક્યાં છો. ?

તુમ ન જાને કિસ જહાઁ મે ખો ગયે,
ગમ ભરી દુનિયામે હમકોં છોડ કે
લૂટ કર મેરા જહાઁ છૂપ ગયે હો તૂમ કહાઁ,
તૂમ કહાઁ, તૂમ કહાઁ, તૂમ કહાઁ.

૧૯૪૮ થી મરણ સુધી મદન મોહનને ભાઈમાની રાખડી બાંધતા પણ તેથી વિશેષ ‘મુકેશ ભૈયા’ને માનતા. લતા મંગેશકરે લંડનના આલબર્ટ હોલમાં ઉપરોક્ત ધૂનથી શ્રધ્ધાંજલી આપીને રડીને તૂટી પડતા સ્ટેજ પર બેસી ગયા હતાં. ✤✤✤✤

શ્રી ગોકુલેશો જયતિ **૧૯મું વર્ષ**

# કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનોરવાસીઓ

# ફગવા ઉત્સવ

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રી ગોકુલનાથજીની અસીમ કૃપાથી કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓ તરફથી **શ્રી ફગવા ઉત્સવ** નું આયોજન કરવામાં આવેલ છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૭૦ના મહા વદ-૮ને **રવિવાર, તા. ૨૩-૨-૧૪** ના રોજ ભુરાભાઈ આરોગ્ય ભુવન, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાંદિવલી (વે), મુંબઈ-૬૭. મુકામે યોજવામાં આવેલ છે. શ્રી ઠાકોરજીના ખેલના દર્શન પછી **બાલાસિનોરના સર્વે વૈષ્ણવોને ઉપરોક્ત મુકામે સહકુટુંબ, દર્શનનો લાભ લેવા અને પ્રસાદ લેવા પધારવા અમારૂં ભાવભર્યું આમંત્રણ છે.**



ઉત્સવના મનોરથી


**શ્રીમતી અરૂણાબેન રાજુભાઈ શાહ**



આ પ્રસંગે યોજેલા કાર્યક્રમોની વિસ્તારપૂર્વક જાણકારી
આગલા અંકમાં આપવામાં આવશે.



**લી.**
**અરૂણાબેન રાજુભાઈ શાહ**
**નિતા, નિકીતા, નિષ્ઠા તથા સમસ્ત શાહ પરિવારના**
**જે જે શ્રી ગોકુલેશ**



# ચાલો સંબંધોની ક્ષિતીજનો વિસ્તાર કરીએ - એક નવી શરૂઆતની શરૂઆત કરીએ !

## રસોત્સવ સંવત ૨૦૭૦

દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)

વ્યસ્ત જીવનની ભાગદોડ વચ્ચે નવા સપના નવી ઉમંગો લઈને આવતું નવુ વર્ષ બે હાથ ખુલ્લા કરી દોડીને મને ભેટવા માગતા મિત્ર જેવુ લાગે છે !

છેલ્લા એક દાયકામાં જીવન બદલાયું છે. જીવન જીવવાના ધારા ધોરણો બદલાયા છે. ગેજેટસ હાથવગા થયા છે. કેટલાક કામ એસ. એમ. એસ. થી પતી જાય છે. તો કેટલાક ઈ-મેઈલ થી પૂરા કરી શકાય છે. તો કેટલાકનો નિવેડો ફોન કોલથી પતી જાય છે. Touch Screen ના Touch માં રહેવા ટેવાયેલા આપણે માનવીય સંબંધોના Touch દૂર થતા જઈએ છીએ. છતા મિલન એક એવી લાગણી છે, જે માનવીય છે. દિલમાં શ્રીજીબાવાનું ધ્યાન ધરીએ કે પ્રત્યક્ષ નાથદ્વારા જઈ દર્શન કરીએ એમાં જેટલો ફેર છે. એટલો ફરક પ્રત્યક્ષ કે પરોક્ષ મિલનમાં પડવાનોજ એટલે તો આપણા રસોત્સવના દર વર્ષે ઉપક્રમે રહો છો કે જેમાં ત્રણ કલાકનો એવો સમય કે જેમાં આપણે આપણને મળવાનો પ્રયાસ એક એવી સુંદર સવાર એકબીજા સાથે ગાળવાની, હાયત સબંધો પરસ્પર મિલન માધુર્યતાથી સિંચવાનો અવસર, નાના મોટા સૌ કોઈનો આદર સત્કાર કરવાનો પર્વ ફૂલ અને ફોરમની જેમ જળ અને ઝાકંળની જેમ હાર્ટ ટુ હાર્ટ એક બીજાને મળવાનો મોકો એક એવો સમય કે જ્યાંથી પાછી ફરતી વખતે આપણે કશુક ફ્રેશ, કશુક સુંદર આપણી અંદર ઉમેરીને લઈ જઈ શકીએ. ખરેખર એક આપણી જ અપોઈન્ટમેન્ટ આપણી સાથે અને એ મોકો આપણને આપણો રસોત્સવ પૂરો પાડે છે. સમાજના સાતત્યનું ૬૨મું વર્ષ એટલે સંવત ૨૦૭૦ તા. ૧૭-૧૧-૧૩નો શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવ **'મન મોર કરે કલશોર'** તથા **સખાવતી દાતાઓનો સત્કાર સમારંભ** એક ઝાઝરમાન બાલાસિનોરી જલસો.

નવયુવક સંઘના સક્રિય કાર્યકર્તા તરીકે એની પરિકલ્પનામા સામેલ થવાનો અને પ્રત્યક્ષ રીતે મને એ માણવા મળ્યો એનો આનંદ તો છેજ સાથે (એના વિશે અહેવાલ લખવાના? સક્રિય સાક્ષી બનવાનો મોકો મળ્યો એનો પણ એક અલગ જલસો છે) આ વખતના વાર્ષિક રસોત્સવની વિચારધારા ખૂબજ અદ્‌ભૂત અને હૃદયસ્પર્શી હતી એક અનોખી થીમ. હિરક મહોત્સવથી લઈને અત્યાર સુધીના સમાજને મળેલ દાનના દાતાઓનું સન્માન અને સમાજની બહેનો, બાળકો દ્વારા જીવનમાં આવતા વિવિધ તહેવારોની થીમ પર કાર્યક્રમ બિરલા માતૃશ્રી સભાગૃહ ખાતે યોજવામાં આવ્યો હતો. જેનું નિમંત્રણ સુંદર પત્રિકા દ્વારા અપાયેલ હતું. બાળકો અને બહેનોને તેમની પ્રતિભા દર્શાવવાનો મંચ મળે અને દાતાઓનું પણ સન્માન થાય તે સમાજનું ગૌરવ વધે. આમ પણ સંસ્થા સમાજને કશુંક નવું આપવાનો પ્રયાસ કરતી જ રહે છે ને સમાજની જ બહેનો અને બાળકો સમાજની પ્રવૃત્તિમાં ભાગલે એટલે પોતિકાપણું લાગે સ્વાભાવિક જ છે.

તા. ૧૭-૧૧-૧૩ના રવિવારની વહેલી સવારથી જ બિરલામાતુશ્રી સભાગૃહનું પ્રાગંણ શ્રોતાઓ, ભાગ લેનાર કલાકાર ભાઈ-બહેનો, બાળકો ને વડીલોથી ભરાવા લાગ્યું. પ્રમુખશ્રી કલ્પેશ સુરેશભાઈ ધારીઆ (બલબલ) અને તેમના સાથી કાર્યકર્તાઓ પારંપારિક વસ્ત્રોમાં સજજ્ થઈને પ્રવેશ દ્વાર ઉપર દરેક આવનારનું ખરાદિલથી સ્વાગત કરતા

હતા. સૌ કોઈ એકબીજાને ભેટીને વડીલોના આર્શિવાદ લઈને નૂતન વર્ષની શુભેચ્છાની એકબીજાને આપલે કરતા હતા. સમગ્ર હર્ષ અને ઉલ્લાસનું વાતાવરણ જોઈને મરીઝની ગઝલની બે પંક્તિ યાદ આવી ગઈ.

**બે જણા દિલથી મળે તો મહેફિલ છે મરીઝ**

**દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી.**

પ્રવેશ દ્વાર ઉપર દરેક શ્રોતાઓને સુંદર સોવેનિયર આપવામાં આવ્યું હતું. જેની શરૂઆત શબ્દો દ્વારા સંઘના પ્રમુખશ્રી કલ્પેશ ધારીયાએ સમાજ પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરતા દાતાઓ, સાથી કાર્યકર્તાઓનો આભાર માનતા એકબીજાના મન સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. મંત્રીશ્રી ભાવેશભાઈ મોદી, ઉપપ્રમુખ શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી, રસોત્સવના સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી અને દાતાઓના સત્કાર સમારંભના સંયોજક શ્રી જીગર મણિકાંત કડકીઆએ પોતાના સુંદરવિચારોનું સંઘની ભાવિયોજનાઓનું સુંદર આલેખન કર્યું હતું, અને દાતાઓનો આભાર પ્રગટ કર્યો હતો. સહમંત્રીશ્રી જસ્મીન બીપીન શેઠે સંઘ સાથે સંકળાયેલા કાર્યકર્તાઓમા ભાગ લેનાર કલાકારોનો અને શ્રોતાઓનો આભાર પ્રગટ કર્યો હતો.

આ સોવિનયરમાં કાર્યક્રમમાં ભાગ લેનાર પ્રત્યેક કલાકારોનો તેમના સુંદર ગ્રુપ ફોટા દ્વારા તેમના નામ સાથે પરિચય આપવામાં આવ્યો હતો. સાથે સાથે નવયુવક સંઘની વિવિધ સમિતિઓના કાર્યકર્તાઓનો પણ તેમના ગ્રુપ ફોટા સાથે ઉપસ્થિત અને અનુપસ્થિત નામ સાથે પરિચય આલેખાયો હતો.

આ સોવિનુયરનું સુંદર જમા પાસું એટલે સન્માનનીય સખાવતી દાતાઓનો તેમના ફોટા સાથે અને તેમણે સમાજને વિવિધ યોજનાઓ માટે આપેલ દાનની રકમ સાથે તેમના વિશે, તેમના કાર્યક્ષેત્ર વિશે સંક્ષિપ્ત પરિચય મિત્રો દાન આપનાર આ દરેક દાતાઓ પોતાના ક્ષેત્રમાં માઈલસ્ટોન છે. તેમના વિશેની માહિતી કોઈના જીવનમાં પ્રેરણારૂપ બની જાય.

મિત્રો જેઓ નિર્મળ ઝરણાંજેવું જીવે છે. તેઓ પામવા કરતા આપવામાં ખુશીનો અહેસાસ વધુ છે. એવું અનુભવતા હોય છે. (આપણા સમાજના આ સન્માનીય દાતારૂપી મોતીઓનું એકદોરામાં પરોવી તેમના વિશે પરિચય આપી એક અમૂલ્ય માળા બનાવવાનો સંઘનો પ્રયાસ સરાહનીય છે. વિશેષતો આ સોવેનિયરની રૂપ સજજા અને શબ્દ સજ્જા રજુ કરવામાં અમેરિકાથી રહીને પણ મદદકરનાર વડીલ મુરબ્બી શ્રી આર. કે. કાકા લટકારી, શ્રી જતીનભાઈ દેસાઈ અને અન્ય સભ્યોનો આભાર માનવો ઘટે. કાર્યક્રમની શરૂઆત આપણા રાષ્ટ્રગીતથી થઈ આ કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલન શ્રીમતી બીજલ અનિશ ગાંધીએ પોતાના સુંદર વકૃત્વ દ્વારા લાક્ષણિક ઢબે કર્યુ. તેમણે સૌને આવકાર આપ્યો અને નવા વર્ષની શુભકામનાઓ અર્પી શ્રી રજનીકાંત કે કડકીયાનું (ધરીવાળા) સ્વાગત પ્રમુખના પત્ની શ્રીમતી જલ્પાબેન કલ્પેશ ધારીયાએ ચોકલેટ બુકે આપી કર્યુ. શ્રીમતી ઈન્દીરાબેન આર. કડકીઆનું સ્વાગત મંત્રીશ્રીના પત્ની શ્રીમતી નીકીતા ભાવેશ મોદીએ કર્યું ત્યારબાદ શ્રીમતી સોહીણીબેન કડકીયા, અસ્મિતાબેન દોશી અને અલ્પાબેન કડકીયાએ મંગલાચરણ ગાઈને આપણને ઈશ્વર સમીપે લઈ ગયા.

હવે જેની આતુરતા પૂર્વક રાહ જોવાઈ રહી હતી, એ કાર્યક્રમની શરૂઆત નવયુવક સંઘના આમંત્રણને માન આપીને ખાસ અમદાવાદથી આવેલ કે જેઓ અનેક સ્ટેજ પર્ફોમન્સ આપી ચૂકેલ છે એવા ભારતનાટયમના નિષ્ણાંત હર્ષિલીબેન રાજીવ શાહે 'મારા ઘટમાં બીરાજતા શ્રીનાથજી' ગીત થી કરી પોતાની ઉત્કૃષ્ટ કળા અને વિવિધ મુદ્રાઓ દ્વારા સૌ શ્રોતાઓને અભિભૂત

કર્યા અને દરેકની તાળીઓના ગડગડાટના તેઓ હકદાર બન્યા.

ત્યારબાદ સમાજની બહેનો અને બાળકો દ્વારા એક પછી એક વિવિધ તહેવારોની થીમ પર જેમકે ગણપતિ. વૈશાખી, જન્માષ્ટમી, હોળી, નવરાત્રી, ક્રીસમસ પર્ફોમન્સ ફિલ્મીગીતો દ્વારા રજુ થયા. જેમકે, દેવાશ્રીગણેશા, નગાડા-નગાડા, ગો-ગો ગોવિંદા, બલમપિચકારી, ઢોલી તારો ઢોલ ને, ચાર બજગયે પાર્ટી અભી બાકી હે. દરેક પરફોમન્સ કાબિલે તારિફ અને વન્સમોર માંગી લે એવા હતો. દરેક પરફોમન્સને અંતે હોલ તાળીઓના ગડગડાટ અને વન્સમોરના નારાઓથી ભરાઈ જતો હતો અને વન્સમોર પણ માણવા મળ્યુ. ખાસ તો નાના ભૂલકાઓનો પરફોમન્સ દાદ માંગી લે એવો હતો. પોતાના આંગણાના ફૂલને પાંગરતા જોવુ કોને ના ગમે અને તેમના પરફોમન્સ દ્વારા આપણને પણ બાળપણમાં સરીજવાની અને સ્ટેચ્યુ કહી દેવાની જે તક મળી ગઈ. આ સમગ્ર કાર્યક્રમ માટે કોરિયોગ્રાફર અને મેકઅપ આર્ટિસ્ટની વ્યવસ્થા નવયુવક સંઘ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમની વચ્ચે સંઘના આમંત્રણને માન આપીને બાલાસિનોરથી આવેલ સંઘના પ્રેરક બળ એવા મુરબ્બી શ્રી મનુકાકા, શ્રી કૌશિકભાઈ ચોક્સી તથા તેમના ધર્મપત્ની શ્રીમતી રીટાબેન તથા ચાલો બાલાસિનોર દરમ્યાન નાના ભૂલકાઓને રમત ગમત રમાડીને ભૂલકાઓનું દિલજીતનાર, ડો. રાકેશભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ભ્રુકુટીબેન શાહ અને સંઘને લોજેસ્ટીક સર્પોટ આપનાર અને ચાલો બાલાસિનોર દરમ્યાન વિવિધ વાનગીઓનો રસસાળ પીરસવામાં મદદ કરનાર બે મિત્રો બાલાસિનોર નાગરિકબેંકના Directer શ્રી બકુલ મનહરલાલ શાહ અને અવિનાશ ચીમનલાલ શાહ (બાદશાહ) તથા અમદાવાદથી આવેલ ચલો બાલાસિનોર દરમ્યાન સાબરમતીના મિનરલવોટરથી તરબોળ કરનાર શ્રી રૂપેશભાઈ ધારીયા (બલબલ) એ સૌનો ઉત્સાહ અને ઉમંગ તેમની ઉપસ્થિતિ સભાગૃહમાં જોઈનેજ થતી હતી. તે સૌનું સંઘના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ ધારીયાએ મંચ ઉપર બોલાવી અભિવાદન કર્યુ. દરેકનું સંઘના પ્રમુખ અને હોદેદારો દ્વારા વારાફરતી ચોકલેટ બુકે અર્પણન કરી સ્વાગત કરાયુ હતુ. સમગ્ર કાર્યક્રમ શિસ્તબધ્ધ રીતે અને સમયસર ચાલી રહ્યો હતો.

દરેક પર્ફોમન્સ અગાઉ શ્રીમતી બીજલબેન ગાંધી દ્વારા થીમનો પરિચય તેમની રચનાઓ દ્વારા અપાતો હતો.

પરફોમન્સની વચ્ચે વચ્ચે દાતાઓનું સંઘના પ્રમુખશ્રી કલ્પેશભાઈ ધારીયા દ્વારા મોમેન્ટો અને શાલ અપર્ણ કરી સન્માન કરવામાં આવેલ હતુ. તેનું ખૂબજ સુંદર અને સરાહનીય પાસુ એ હતુ કે દરેક વડીલ, મુરબ્બી દાતાને તેમના સ્થાન ઉપરથી મંચ સુધી સંસ્થાના કાર્યકર્તા દ્વારા માન પૂર્વક દોરી જવામાં આવતા હતા અને સન્માન થઈ ગયા પછી તેમના સ્થાન સુધી સન્માનપૂર્વક પાછા મૂકી જવામાં આવતા હતા. દાતાઓનું આટલું ગૌરવ અને ગરીમા જોઈ લાગ્યું કે દાન એવી રીતે કરો કે તમારી સાથેના લોકો પણ એમાં રંગાઈ જાય. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મધ્યાંતર પહેલા અને મધ્યાંતર પછી એમ બે વાર લક્કીડ્રો રાખવામાં આવેલ હતો. લક્કીડ્રોના વિજેતાઓનો પ્રમુખશ્રી કલ્પેશભાઈ ધારીયા દ્વારા ઈનામ આપવામાં આવેલ. મધ્યાંતર પહેલા શ્રીમતી જલ્પાબેન કલ્પેશ ધારીયા (બલબલ) દ્વારા ૧૯૫૦ થી લઈને અત્યાર સુધીની દરેક પ્રવૃત્તિઓ વિશે દાતાઓ વિશે રજુ કરવામાં આવેલ. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સંઘની વિવિધ પ્રવૃત્તિઓ જેમકે પ્રેસેન્ટ કમિટી, મેડિકલ ચેક અપ કેમ્પ, બાલાસિનોરનો લોગો, સભાગૃહ હોલ, લાઈબ્રેરી રૂમ,

પુસ્તક યોજના, નોટબુક રાહત યોજના, કોમ્પ્યુટર એજ્યુકેશન, જ્યોતિપુંજ ૨૫ વર્ષ, જ્યોતિપુંજ ૫૦ વર્ષ વસ્તીપત્રક, ટેલિફોન ડિરેકટરી, ક્રિકેટ એકટીવીટી, બીપીએલ રસોત્સવ, રંગભવનનો વાર્ષિક રસોત્સવ, ઉપનગર પર્યટન, આનંદબજાર, ૫૦ વર્ષ નવયુવકસંઘ સેલિબ્રેશન, વર્ષ ૨૦૦૦ શાંતિકૂચ, ફાઉન્ડેશન ડે-૧૮-૮-૧૦, રમગત ગમત ૧૯૭૨ના ફોટા, આઉટડોર સ્પોર્ટસ્ ૧૯૮૦, ૬૦ વર્ષ ડાયમંડ જયુબીલી ફંકશન, ચાલો બાલાસિનોર વર્ષ ૨૦૧૧-૧૨.

સેવા, સહકાર અને સંગઠનના સુંદર ચિત્રણ દ્વારા સ્મરણોની શેરીમાં લટારમારીને સાંપ્રત સમય સુધી પહોંચવાનો એક સુંદર પ્રયાસ. અતીતથી માંડીને વર્તમાન સુધીની નવયુવક સંઘની પ્રવૃત્તિના ચિંત્રાકનની અનુભૂતિના આરોહ અવરોહનું સુંદર ચિત્રણ માટે કળા પારખું જલ્પાબેનની ધગશ અને આગવી સુઝબુઝ અભિનંદનના પાત્ર ઠરે છે. એમની સાથે સાથે અલ્પેશ યોગેન્દ્રભાઈ ધારીયા એ પણ સમાજે સેવેલ સ્વપ્ન એવા પ્રિયજને હોલ માટે ખૂબજ સુંદર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કયું હતું. જેમાં હોલનો લેઆઉટ ભવિષ્યમાં બનનાર હોલ કેવો હશે એનું સુંદર ચિત્રાકન હોલ માટે દાન આપનાર દાતાઓની તેમણે દાનમા આપેલ રકમ અને તેમના ફોટા સાથે તેમની નામાવલી અને રજુ થનાર નવી સ્કીમની જાહેરાત તથા આ યોજના સાથે સાંકળવા બદલ દાતાઓની પ્રમુખશ્રી કલ્પેશભાઈ ધારીયા દ્વારા આભારવિધિ પ્રગટ કરી હતી. અલ્પેશભાઈ દ્વારા આટલી સુંદર રજુઆત જોઈ થયું કે સમાજે સેવેલ સ્વપ્ન હવે હાથભેર જ છે. અને આ યોજના સાથે સંકળાયેલા દાતાઓ માટે આટલું તો કહેવું જ ઘટેકે 'ઘર તમારા થી ખરેખર ઘર થયું જે કશું ખૂટતું હતું, સરભર થયું'. ખરેખર બન્ને પાવર પોઈન્ટ સરાહનીય હતા.

કાર્યક્રમની મધ્યમાં બાલાસિનોરથી પધારેલ ડૉ. રાકેશભાઈએ સંઘનો આભાર માની દાતાઓના સન્માનની રીતથી મુક્ત મને પ્રશંસા કરી વતનની માટીની સોડમ સભાગૃહમાં ફેલાવી.

ત્યારબાદ સંઘના પ્રમુખશ્રી કલ્પેશભાઈ ધારીયાએ પોતાના વક્તવ્ય દ્વારા મંચ ઉપરથી કહયું કે Team Work, Disiplin and Didication are three key to Success. સાથે સાથે મોંઘવારીની વિકટ પરિસ્થિતિમાં સંસ્થાનું લક્ષ Education અને Medical ક્ષેત્રમાં વિશેષ સહાય કરવામાં કેન્દ્રિત કરવાનું છે. અને આજનો આ રસોત્સવ અતિથિ વિશેષના બદલે દાતાઓના સૌજન્યથી ખર્ચને પહોચી વળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એવી જાહેરાત કરી ત્યાર બાદ પ્રમુખશ્રી કલ્પેશભાઈ ધારીયાએ સંઘના સાથી કાર્યકર્તાઓ અને કાર્યક્રમ સાથે જોડાયેલ સર્વ કાર્યકર્તાઓને મંચ ઉપર બોલાવી તેમનો પરિચય

આપ્યો અને તેમને બિરદાવતા કહયું કે તેમના સાથ અને સહકાર વગર કાર્યક્રમની સફળતા શક્ય જ નહોતી. સાથે શ્રોતાઓને વિનંતી કરી કે સહુને ખરેખર કાર્યક્રમ ગમ્યો હોય તો કાર્યકર્તાઓને તાળીઓથી વધાવી લે જો અને ખામી રહી ગઈ હોય મને ક્ષમા બક્ષજો કેટલો ઉમદા દ્રષ્ટિકોણ ખરેખર તેમના વ્યક્તિત્વનું એક એવુ ઉમદા પાસુ એક એવું વિઝન કે જે બીજાને સપના જોવા પ્રેરે.

ત્યારબાદ ફરી હર્ષિલીબેન રાજીવ શાહે અધુરમ્ મધુરમ્ પદ ઉપર ફરી એક વખત સોલો પર્ફોમન્સ રજુ કરી શ્રોતાઓની દાદ મેળવી. ત્યારબાદ સમગ્ર કાર્યક્રમની વિવિધ થીમના કોરિયોગ્રાફર શ્રીમતી નીશાબેન ખંડેરિયાનું ઉપપ્રમુખ સૌમિલભાઈ મોદીએ ચોકલેટ બુકે આપી સન્માન કર્યુ ને છેલ્લે કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વ કલાકાર બહેનો અને બાળકો દ્વારા ગ્રાન્ડફિનાલે રજુ કરવામાં આવ્યું. ખરેખર એક ખૂબ સુંદર કાર્યક્રમ જોયાની અનુભૂતિ થઈ. સંપૂર્ણ શિસ્તબદ્ધ અને આયોજન પૂર્વક સાદગી દ્વારા સમય કરતા પણ વહેલા કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી. કાર્યક્રમ સાથે સંકળાયેલ દરેક કલાકારો, કાર્યકર્તાઓના ચહેરાપર કાર્યક્રમની સફળતાની ખુશાલી છવાયેલી હતી.

જેમ દિવાળી નિમિત્તે નાનકડા દિવડાનું કામ હોય છે ઝળહળવાનું એમ આપણે પણ ઝળહળવાનું હોય છે. મિત્રો સાથે, પ્રિયજન સાથે, વડીલો સાથે, પરિવાર સાથે અને એ મોકો ખરેખર દિવાળી નિમિત્તે નવયુવક સંઘ દ્વારા આયોજીત રસોત્સવ પૂરો પાડે છે.

નવયુવક સંઘને બિરદાવતા લખુ તો સફળ કપ્તાન અને નિષ્ઠાવાન વહાણના શઢ રૂપી કાર્યકર્તાઓ જ્યાં સુધી સંઘના કાફલામાં હશે ત્યાં સુધી નવયુવક સંઘનો કાફલો આમજ અવિરત ચાલશે અને માર્ગમા અનેક મંઝિલો સર થતી રહેશે ! **- જય જયશ્રી ગોકુલેશ**

# જ્ઞાન સાથે ગમ્મત (ઉપદેશ- એક વાર્તા)

**- અમી જીજ્ઞેશ પરીખ**

એક દયાળુ સ્વભાવની સ્ત્રી હતી, એને એવો નિયમ કરેલો કે રસોઈ બનાવતી વખતે પ્રથમ રોટલી તૈયાર કરીને, એને ઘરની બહારની શેરીમાં પડતી રસોડાની બારી પર મુકવી, જેથી જરૂરિયાતવાળી વ્યક્તિ એ રોટલીનો ઉપયોગ કરી શકે.

એક વખત એક ભિખારીની નજર આ રોટલી પર પડી, એટલે એ રોટલી લેવા માટે આવ્યો. રોટલી હાથમાં લઈને બોલ્યો, 'જે ખરાબ કરે છે તેની સાથે જ રહે છે અને જે સારૂ કરે છે તે તેને પાછું મળે છે.' પેલા બહેનને કંઈ સમજાયું નહીં.


બીજા દિવસે ભિખારી પાછો આવ્યો. પેલી સ્ત્રી રોટલી મુકે તેની રાહ જોઈને બેઠો, જેવી રોટલી મૂકી કે ફટાક દઈને ઉઠાવી લીધી અને બોલ્યો. 'જે ખરાબ કરે છે તે તેની સાથે જ રહે છે. અને જે સારૂ કરે છે તે તેને પાછું મળે છે. પેલી વિચારવા લાગી કે એણે મારો આભાર માનવો જોઈએ કે કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ, એને બદલે એ તો રોજ એક સરખો ઉપદેશ આપે છે.

હવે તો આ રોજનો ક્રમ બની ગયો જેવી રોટલી બારી પર મુકાય કે ભિખારી એ ઉઠાવીને ચાલતી પકડે. પેલી સ્ત્રીને હવે ગુસ્સો આવ્યો. રોજ મારી રોટલી લઈ જાય છે પણ આભારના બે શબ્દો પણ બોલતો નથી. એક દિવસ ગુસ્સામાંને ગુસ્સામાં રોટલી પર ઝેર ચોપડીને બારી પાસે મુકવા ગઈ. ભિખારી ત્યાં રાહ જોઈને બેઠો જ હતો, પણ રોટલી બારી પર મુક્તા એ સ્ત્રીનો જીવન ન ચાલ્યો. એણે ઝેરવાળી રોટલીને ચુલામાં નાખીને સળગાવી દીધી અને બીજી રોટલી બનાવીને બહાર મૂકી જે લઈને ભિખારીએ ચાલતી પકડી.

થોડા સમય પછી કોઈએ એના ઘરનો દરવાજો ખખડાવ્યો. એણે દરવાજો ખોલ્યો તો એ ફાટી આંખે સામે ઉભેલી વ્યક્તિને જોઈજ રહી. ઘણા સમય પહેલા ઘર છોડીને જતો રહેલો એનો યુવાન દિકરો સામે ઉભો હતો. ભિખારી કરતા પણ ખરાબ હાલત હતી. આખું શરીર ધ્રુજતું હતું. સ્ત્રી તો પોતાના દિકરાને ભેટીને રડી જ પડી.

છોકરાએ કહયું, ' હું ઘણા દિવસનો ભૂખ્યો હતો. માંડ માંડ આપણા ગામના પાદર સુધી પહોંચી શક્યો. વધુ ચાલવાની મારી કોઈ જ ક્ષમતા ન હતી. હું બેભાન જેવી અવસ્થામાં પડેલો હતો. ત્યારે ત્યાંથી એક ભિખારી પસાર થયો એના હાથમાં એક રોટલી હતી. હું ટીકી ટીકીને એ રોટલી જોવા લાગ્યો. ભિખારીએ રોટલી મને આપી અને કહયું, 'હું રોજ આ રોટલી ખાઉં છું પણ આજે મારા કરતા આ રોટલીની તને વધારે જરૂર છે માટે તું ખાઈ જા'. પેલી સ્ત્રી ત્યાંજ ફસડાઈ પડી. 'અરે મારા પ્રભુ ! આજે ગુસ્સામાં ને ગુસ્સામાં ઝેરવાળી રોટલી એ ભિખારીને આપી હોત તો... હવે મને સમજાય છે એ જે બોલતો હતો તે બિલકુલ સાચું હતું.

કોઈપણ કામ કરવામાં આવે ત્યારે વહેલું કે મોડું એનું પરિણામ અવશ્ય મળે છે સદ્ભાવથી કરેલા કાર્યનું પરિણામ સુખદ હશે અને દુર્ભાવથી કરેલા કાર્યનું પરિણામ દુ:ખદ જ હશે. ✤✤✤✤



## બાલાસિનોર મુકામે



# શ્રી ફગવા ઉત્સવનું આયોજન

શ્રી ગોકુલનાથજીની અસીમ કુપાથી ફાગણ સુદ ૯ સોમવાર તા. ૧૦-૩-૨૦૧૪ના રોજ બાલાસિનોર મુકામે શ્રી ફગવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે સવારના ૮ કલાકે શ્રી ગોકુલનાથના મંદિરેથી વાજતે-ગાજતે શ્રી ઠાકોરજીના શોભાયાત્રા નીકળશે અને બગીચે શ્રી... ને ખેલાવવા જશે. આખો દિવસ ફગવે ધામધુમથી ઉત્સવ મનાવવામાં આવશે અને શ્રી.. મંદિર પરત પધારશે.

આ પ્રસંગે ૯-૩-૨૦૧૪ના રવિવારે સાંજે ૪.૦૦ કલાકે કિર્તનીયા રાખવામાં આવ્યા છે તથા રાત્રે ૯.૦૦ કલાકે દાંડિયારાસનું આયોજન કરવામાં આવ્યું છે.

દસ-દસ વર્ષની પ્રતીક્ષા બાદ ફરી એકવાર શ્રી ઠાકોરજીની કૃપાથી અમારે આંગણે આ અલૌકિક આનંદનો અવસર આવ્યો છે.

ભગવદસ્મરણનો દિવ્ય આનંદ આપતા આ પ્રસંગે બાલાસિનોરના સમસ્ત વૈષ્ણવ પરિવારજનોને બાલાસિનોરના ફગવા ઉત્સવમાં હાજર રહી કિર્તનીયાનો લ્હાવો, દાંડિયા રાસની રમઝટ, શોભાયાત્રાનો મનને હરી લેતા અવિસ્મરણીય આનંદ માણવા તથા બગીચે શ્રી ઠાકોજીના પ્રસાદને પ્રેમપૂર્વક લેવા અમારુ ભાવભર્યું આમંત્રણ છે.

આપ સૌ હાજર રહી શ્રી ઠાકોરજીના આ પ્રસંગને મન મૂકી માણશો એવી અભિલાષા.

બાલાસિનોર મુકામે પ્રતિ દસ વર્ષે લ્હાવો મેળવનાર આ ફગવાના મનોરથી

શ્રી નવનીતલાલ મણીલાલ શાહ (ઝાટ) છે.

આ પ્રસંગે જે કોઈ વૈષ્ણવોને બાલાસિનોર આવવું જવું હોય તેઓના માટે બરોડાથી બસની વ્યવસ્થા કરવામાં આવી છે તે માટે રૂા. ૧૦૦ ટોકન રૂપિયા આપીને નીચેના ભાઈઓનો સંપર્ક કરી નામ નોંધાવશો. ટોકનમની બસમાં પાછા આપવામાં આવશે.

**સંપર્ક :**

| | |
|---|---|
| શ્રી રાજીવ શાહ - ૦૯૮૬૯૩૪૨૯૭૫ | શ્રી શશીકાંત પરીખ - ૦૯૮૨૧૨૨૧૬૩૦ |
| શ્રી શરદ ધારીઆ - ૦૯૩૨૩૮૪૪૨૦૪ | શ્રી કનુભાઈ શાહ - ૦૯૩૨૦૨૨૯૩૫૬ |

**બસ :** ૯-૩-૨૦૧૪ સવારે બરોડા - બાલાસિનોર - ૧૧-૩-૨૦૧૪ સાંજે બાલાસિનોર - બરોડા.

# SHREE BALASINOR PRAGATI SAMAJ

## HEALTH IS WEALTH

## GOLDEN OPPORTUNITY FOR OUR COMMUNITY MEMBERS

As you all are aware that we had arranged a seminar of Dr.Nileshbhai Shah, he had announced special health packages for our community members at N. M. Medical Centre.

Dr Nileshbhai Shah & His Son Mr.Rahil Shah has willing fully extended the date for couples till 31st January 2014 (Pay for one and health check up for both) i.e Free health check up of spouse against health checkup of husband.

So hurry up and rush your entries at earliest for better and healthy living.

President
Shri Nimish Kadakia

Secratary
Shri Rajendra Desai
Shri Paresh Parikh

## ભાવભીનું નિમંત્રણ

**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ**

**આયોજીત**

**શ્રી રસિકલાલ રમણલાલ કડકિઆ (આર.આર.)**

## સ્મૃતિ ભક્તિ સંધ્યા :

**કાર્યક્રમ બુધવાર તા. ૧૫-૧-૨૦૧૪**

**સમય : ભક્તિ સંગીત સળંગ બે કલાક સાંજે ૫.૩૦ થી ૭.૩૦**

**ભક્તિ સંગીત : શ્રી ચેતન ગઢવી અને સાથીઓ...**

**સ્થળ :** પ્રેમપુરી આધ્યાત્મિક વિદ્યાભવન
સ્વામી શ્રી પ્રેમપુરીજી ચોક, બાબુલનાથ રોડ,
મુંબઈ - ૪૦૦૦૦૭

**નિમંત્રક : પુષ્પાબેન રસિકલાલ કડકિયા પરિવાર**

# SHREE BALASINOR NAVYUVAK SANGH

**118/120 ARDESHIR DADI STRRET 2ND FLOOR MUMBAI 400004**

Dear All,

As you all are aware that we are acquiring new premises for Balasinor community hall for conducting various religious & personal functions, meetings & AGM of various institutions of our Balasinor community.

We value the cultural richness and breadth of ideas resulting from the diversity that is fostered in who we are and what we do. We are dedicated to building strong relationships through open communication, respect and by with each other as well as by serving our members, much like we do within our own families.

We continually challenge each other to succeed through teamwork, against shared goals & benchmarks, and to be accountable for our actions. We take great pride in working with this institution and are committed to being good global citizens, to encouraging healthy, active lifestyles and to making a difference where we live and work around the world.

For this dream project of our sangh we have received assurance from five esteemed donors whose names are as follows,

| | |
|---|---|
| 1) Shri Pravinchandra Koderlal Shah (P.K.) | Rs 1,00,000,00/- (ONE CRORE) |
| 2) Shri Sudhirbhai Chimanlal Dharia (Rangoonwala) | Rs 25,00,000/- (TWENTY FIVE LAC) |
| 3) Shri Navinchandra Chimanlal Shah (Kolkattawala) | Rs 25,00,000/- (TWENTY FIVE LAC) |
| 4) Dr. Nikunjbhai Kantilal Parikh | Rs 25,00,000/- (TWENTY FIVE LAC) |
| 5) A Well Wisher | Rs 25,00,000/- (TWENTY FIVE LAC) |

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## માતબર દાનના વચન

૧) શ્રી શૈલેષ નટવરલાલ કડકીઆ (ધંગેલા) તરફથી
રૂા. ૧૧,૦૦૦/- ના દાનનું વચન એમની ૩૬મી લગ્નતિથિ નિમિત્તે મળ્યું છે.

૨) કેપલ પ્રવિણચંદ્ર મોદી (ખાંડીવાલા)ની સુપુત્રી હર્ષિતા ના લગ્ન પ્રસંગે
રૂા. ૫૦,૦૦૦/-નું દાનનું વચન મળ્યું છે.

# We still require 2 more donors for

# Rs 25,00,000/- (TWENTY FIVE LAC)

## whose photo will be framed at hall & Units of Rs 11,00,000/- & more, names will be engraved in metal plate at hall

We on behalf of Shree Balasinor Navyuvak Sangh Managing Committee, an organization that is working for providing educational, Medical,development & entertainment activities for Balasinor community . We feel that this drive should be supported by generous donors, for better facility provision for our members. Our organization is dedicated to the process of realizing this dream true but we need your help.

Your donation will bring us closer to our goal. Many business and community leaders are on board as well as hundreds of individuals. Our community is clearly excited and eager to see this project succeed. You can be a part of that excitement by supporting our youth with a donation. We will be happy to acknowledge your donation.

We would like to thank you for considering this opportunity to partner with our organization for raising funds. If you have any queries regarding our organization, our fund management policy, or the project itself, please feel free to contact our President Shri Kalpesh Suresh Dharia (Balbal) on cell 09820183907 or on mail id indirecttax@khassociates.co.in

Thank you,

Shri Kalpesh Suresh Dharia (President)
Shri Saumil Jitendra Mody (Vice President)
Shri Bhavesh Bipin Mody (Secretary)
Shri Jasmine Bipin Sheth (Jt.Secretary)
Shri Nilesh Navnitlal Shah (Jt.Secretary)
Shri Nikesh Jayendra Gandhi (Treasurer)
Shri Daxesh Babulal Kadakia (Hon.Member)
Shri Yogesh Ramniklal Dharia (Hon.Member)
Shri Rajendra Kirtanlal Desai (Hon.Member)
Shri Vrajesh Navnitlal Desai (Hon.Member)
Shri Rajnikant Kantilal Kadakia (Dhariwala)
Shri Pravinchandra Koderlal Shah (P.K.)

Shri Rasikbhai Sankerlal Mody (Dev)
Shri Rajnikant Kantilal Kadakia (Latkari)
Shri Pravichandra Poonamchand Kadakia
Shri Pravinchandra Occhavlal Desai(Dedki)
Shri Pradeep Pravinchandra Kadakia
Shri Dilipbhai Muljibhai Dharia(Lalkha)
Shri Pankaj Kantilal Dharia(Lalkha)
Shri Kartik Rasiklal Kadakia
Shri Hemendra Ramanlal Shah (Chakva)
Shri Jigar Manikant Kadakia
Shri Alpesh Yogendra Dharia

**શ્રી બા.ન. સંઘ સંચાલિત**
**શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત**

# મહિલા વિભાગ

નવા વર્ષ નિમિત્તે ૧૨ નવેમ્બર ૨૦૧૩ને મંગળવારના રોજ તેજપાલ હોલ ખાતે સ્નેહ સંમેલનમાં Musical Orchestra સાત સૂરોની સાથે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સ્નેહ સંમેલનમાં મુખ્ય મહેમાન પુષ્પાબેન નવીનચંદ્ર પરીખ હતા. મહિલા વિભાગ પુષ્પાબેન તથા તેમના પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

આ કાર્યક્રમમાં પુષ્પાબેન તરફથી ‘સાત સૂરોની સાથે’ Orchestra અને ગીફટનું આયોજન કરી અમૂલ્ય ફાળો આપ્યો હતો. મહિલા વિભાગ તેમનો આભાર માને છે આ કાર્યક્રમને ખૂબ આનંદથી સર્વેએ માણ્યો હતો.

શ્રી બા.ન.સંઘના પ્રમુખ કલ્પેશભાઈ ધારીઆ તથા હોદેદારો, સંયોજક શ્રીમતી પ્રતિમાબેન કિરીટ ધારીઆ તથા મુખ્ય મહેમાન શ્રીમતી પુષ્પાબેન નવીનચંદ્ર પરીખ તથા કમિટીની બહેનો તથા સર્વે ઉપસ્થિત બહેનોનો મહિલા વિભાગ આભાર માને છે.

## આગામી કાર્યક્રમ

એક દિવસીય પિકનિકનું આયોજન તા. ૮-૧-૨૦૧૪ને બુધવારે Royal Hills Resort Logoon Water Park Vasai ખાતે રાખવામાં આવેલ છે. તેના રૂા. ૪૦૦/- રાખવામાં આવ્યા છે.

બસ ઉપડવાનું સ્થળ : મુંબઈ ભાટીયા હોસ્પિટલ સામે માતૃમંદિર થી સવારે ૭ કલાકે ઉપડશે. તથા બોરીવલી કોરા કેન્દ્રથી ૮ કલાકે ઉપડશે.

**સંયોજક : પ્રતિમા કિરીટ ધારીઆ - ૯૮૨૦૧૫૨૬૪૪ - ૦૨૨-૬૬૫૭૬૩૧૨**



**શ્રીમતી પુષ્પાબેન નવીનચંદ્ર પરીખનું સન્માન કરતા પ્રમુખ શ્રી કલ્પેશભાઈ ધારીઆ**



**શ્રી બા.ન.સંઘના પ્રમુખ કલ્પેશભાઈ ધારીઆ તેમજ સાથી હોદેદારો તથા મુખ્ય મહેમાન શ્રીમતી પુષ્પાબેન નવીનચંદ્ર પરીખ અને સંયોજક શ્રીમતી પ્રતિમાબેન કિરીટ ધારીઆ**

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની કારોબારી સમિતિની બીજી બેઠક શ્રી દક્ષેષ બા. કડકીઆના પ્રમુખપદે તા. ૨૯-૧૧-૨૦૧૩ શુક્રવારના રોજ સુભદ્રાબેન ન. શાહ. (કોલકત્તાવાળા) મીટીંગ રૂમ, પ્રગતિ સમાજ મુંબઈ-૨, ખાતે મળી હતી.

મંડળ તથા ટ્રસ્ટની પહેલી કારોબારી સમિતિની મીનીટ્સનું વાંચન કર્યુ અને મંજુરી મળી હતી.

વર્ષ ૨૦૧૨-૧૩ની પાંચમી કારોબારી સમિતિની મીનીટ્સનું વાંચન કર્યુ અને મંજુરી મળી હતી.

મંડળની ૮૫મી વાર્ષિક સામાન્ય સભા તથા ટ્રસ્ટની ૩૩મી વાર્ષિક સામાન્ય સભાની ડ્રાફ્ટ મીનીટ્સનું વાંચન કરવામાં આવ્યું હતું. મંડળ સંચાલીત અન્ન સહાય સમિતિ, અપલીફટમેન્ટ ઓફ સોસાયટી યોજના, મેમ્બર્સ રીલેટેડ સમિતિ તથા મુક્તિધામ યોજના અને ટ્રસ્ટ સંચાલિત મેડીકલ રીલીફ સમિતિ તથા ગર્વનીંગ કાઉન્સીલ સમિતિના પેટા સમિતિના નામો ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. મંડળ તથા ટ્રસ્ટના અર્ધ વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. મંડળ તથા ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભામાં થયેલા ખર્ચને બહાલી આપવામાં આવી હતી. ૧૨ મેમ્બરો હાજર રહ્યા હતા. પાંચ મેમ્બરો નવા નોંધાયેલા હતા. ભોજનને ન્યાય આપી સભા બરખાસ્ત થઈ હતી.

**-મંત્રીઓ : શ્રી પરેશ આર. પરીખ**
**શ્રી કિરીટ આર. ધારીઆ**

**ઉપરોક્ત ટ્રસ્ટને સ્વ. શ્રી બાબુલાલ ચંદુલાલ શાહ (પડાલવાળા) હસ્તે હંસાબેન બાબુલાલ શાહ તરફથી રૂા. ૧,૨૫,૦૦૦/- અંકે રૂા. એક લાખ પચ્ચીસ હજાર પુરાનું માતબર દાન આપવાનું વચન મળ્યું છે. દાતાશ્રીનો આભાર.**

**વાડાસિનોર દશાનીમાં નવયુવક મંડળ**

**શ્રીમતી લીલાબેન ગુણવંતભાઈ શાહ તરફથી રૂા. ૧,૫૧,૦૦૦/- નું માતબર દાન પ્રાપ્ત થયું છે. સંસ્થા તેમનો આભાર માને છે.**

## શ્રી ગોકુલનાથજી મંદિર - બાલાસિનોર

# ટહેલ

**ભગવદીય પ્રેમી વૈષ્ણવજનો,**

નવા વર્ષના આપ સૌને નુતન વર્ષાભિનંદન અને ઠાકોરજી આપ સૌને તંદુરસ્તી ભર્યું સર્વ મનોઃકામના પૂર્ણ કરતું સુખમય નિવડો એવી શુભેચ્છા.

મદાની શેરીમાં 'વૈષ્ણવ ભવન'ના નિર્માણ કરવાની આ અગાઉ જ્યોતિપુંજમાં આપને વિસ્તાર પૂર્વક માહિતી પ્રદાન કરવામાં આવી હતી.

હવે આપ સૌ ભગવદીયોની આર્શીવાદથી મકાનનું ખાત મુહૂર્ત તા. ૯-૧૨-૨૦૧૩ના રોજ રાખવામાં આવ્યું છે. આપના હાથમાં આ અંક આવશે તે પહેલા તે સંપન્ન થઈ ગયું હશે.

હવે આપ સૌને અત્યાર સુધીની જે કાર્યવાહી થઈ છે તેની આપ સૌ સમક્ષ રજુઆત કરુ છું.

૧) મકાનના નામકરણ માટે દશલાખની ટહેલ આપણા વાડાશિનોરના શ્રેષ્ઠી સદગત્ શ્રી કાન્તિલાલ સાંકરલાલ મહેતા (લેડી)ના સુપુત્રી શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રવદન દેસાઈ કલકત્તાવાળાએ વધાવી લીધી છે અને એમના સદગત્ માતુશ્રી કૈલાસબેન કાંતિલાલ મહેતાના નામે 'કૈલાસ ભવન'ના નામકરણ માટે વધાવી લીધી છે. અને માતુપ્રેમના અસીમ પ્રેમનું દર્શન આ કાર્ય દ્વારા કરાવ્યું છે.

૨) ભોંયતળીયે હોલનું નિમાર્ણ કરવાનું છે જેની ટહેલ રૂપીયા પાંચ લાખની હતી તે પણ તેમના મોટા દિકરા શ્રી મોહીતકુમાર કાન્તિલાલ મહેતા એમના પત્ની 'શ્રીમતી મિનાક્ષીબેન મોહીતકુમાર મહેતા હોલ'ના નામકરણ માટે વધાવી લીધી છે.

૩) હવે પહેલે માળે ચાર બ્લોક બનવાના છે તેમાં બ્લોક નં. ૧ ખડકામાં રસ્તા ઉપરનો સ્વતંત્ર કીચન સાથેનો રૂમ સાડા ત્રણ લાખની સેવાનો છે. અને બીજા ત્રણ બ્લોક ૨, ૩, ૪ અઢી લાખના છે તેમાં બ્લોકન નં. ૪ની અઢી લાખની સેવા શ્રી દક્ષેશભાઈ તથા શ્રી મિનિષભાઈ બાબુલાલ કડકીયા (લટકારી) વધાવી લીધી છે.

૪) બીજે માળે બે બ્લોક હાલ બનાવવાના છે. બ્લોક નં. ૫ તથા ૬ તેમાં બ્લોક નં.૫, પહેલ માળે બ્લોક નં. ૧ ની ઉપરનો છે તેની સેવા સાડા ત્રણ લાખની છે અને બ્લોક નં. ૪ની ઉપર બ્લોક નં. ૬ છે તેની સેવા રૂા. અઢી લાખની છે.

૫) પહેલે માળે બ્લોક નં. ૧, ૨, ૩ અને બીજે માળે બ્લોક નં. ૫, ૬ માટે આ ટહેલ નાખવામાં આવી છે.

૬) ઠાકોરજીના વૈષ્ણવો માટે આ ભવનનું નિર્માણ થઈ રહ્યું છે તો તેની સેવાનો આ અમુલ્ય અવસર પ્રાપ્ત થયો છે તો ઠાકોરજીની પ્રેરણાથી આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાની સુંદર તકનો લાભ આપ જરૂર લેશો એવી આશા છે.

**નવીનચંદ્ર ચીમનલાલ શાહ : પ્રમુખ**

**મણીકાન્ત છોટાલાલ કડકીઆ : ઉપપ્રમુખ**

**શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટ**

## સાગર

વણથંભ્યો અહર્નિશ ઉછળતો આ સાગર
ઉછળતા આવેશમાં ધમધમતો આ સાગર
તરંગોમાં કામણ કઈક કરતો આ સાગર
ધુંધવતો ઉમડતો રહ્યો બે કાબુ આ સાગર
અંતરના પટમાં મોતીથી ભરેલો આ સાગર
કિનારે કિનારે ઢગ ભરતો આ સાગર
કચરો ખૂબીથી દૂર ફેંકતો આ સાગર
શ્વેત દૂધાળા મોજા ઉભરતો આ સાગર
મીઠા મધુર શુદ્ધ જળ અર્પતો આ સાગર
સૌને માટે મરમીટતો તપતો આ સાગર
કિનારે બેઠી નિહાળી રહી સમંદરને
સર્વનું ભલુ કરતો અકથ્ય બની બેઠો આ સાગર!!!

**- ઈન્દુ રોહિત દેસાઈ**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મૃત્યુ પામેલ સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– માનદ્ મંત્રી ભાવેશ મોદી**

**ભાવભીનું નિમંત્રણ**

**શ્રીમતી સુભદ્રાબેન નવીનભાઈ શાહ**

## સ્મૃતિ ભક્તિ સંધ્યા

**કાર્યક્રમ**

**વાર :** સોમવાર **તારીખ :** ૬-૧-૨૦૧૪

**સમય :** સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાકે સળંગ પ્રવચન

**વક્તાઃ** ડૉ. ગૌતમ પટેલ

**વિષય :** શ્રી કૃષ્ણના જીવનમાં રાધા અને દ્રૌપદી

**સ્થળ :** પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન
સ્વામીશ્રી પ્રેમપુરીજી ચોક, બાબુલનાથ રોડ
મુંબઈ - ૪૦૦૦૦૭

# સૂર્ય નમસ્કાર

- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)


જીવતો જાગતો દેવતા સૂર્યનારાયણ રોજ સવારે આપણને દર્શન આપવા સ્વયં પ્રગટ થાય છે. બીજા સ્થાનકોમાં દેવદર્શને આપણે જાતે જવું પડે છે, પહોંચવું પડે છે પરંતુ સૂર્યનારાયણ સ્વયં પ્રત્યક્ષ પ્રગટ થાય છે. સૂર્ય છે તો જીવન છે, જો સૂર્ય જ ન હોય તો સર્વત્ર અંધકાર અને શીતાગાર વાતાવરણ જ હોત. જીવસૃષ્ટિનું કદાચ નામો નિશાન ન હોત. જો એના સમયમાં પળવાર નો પણ વિલંબ થઈ જાય તો પ્રલય થઈ જાય. અત્યારે આ સમય દરમ્યાન સૂર્ય વધુ ને વધુ દક્ષિણ ગોળાર્ધ તરફ ચાલ્યો ગયો છે. એટલે એના કિરણો થોડા ત્રાંસા પૃથ્વી પર પડે છે. ઉગતા સૂર્યના કિરણો મૃદુ હોવાને લીધે ઠંડકભર્યા વાતાવરણમાં સૂર્ય-નમસ્કાર કરવાનો અનેરો આનંદ હોય છે. અત્યારે તમામ વ્યાયામ શાળાઓ, યોગવર્ગો જે ગુરુજનો અને આચાર્યો સૂર્ય નમસ્કારનું મહત્વ સમજે છે તે તમામ પોતાના શિષ્યોને સૂર્ય નમસ્કાર શિખવે છે. પદ્ધતિસર કરાવે છે અને ઉત્તરાયણ સુધી સૂર્ય ઉત્સવનું વાતાવરણ જામે છે. દક્ષિણ તરફ ચાલ્યો ગયેલો સૂર્ય ધીમે ધીમે તે ઉત્તર તરફ ગતી કરે છે અને ૧૪મી જાન્યુઆરીએ મકર રાશિમાં પ્રવેશ કરે છે. જેને આપણે મકર સંક્રાતિ કહીએ છીએ. દિવાળી પછી અને ૧૪ જાન્યુઆરી સુધી સૂર્ય નમસ્કાર કરવાનો અનેરો મહિમા છે. દંડબેઠક અને સૂર્ય નમસ્કારમાં ફરક છે. દંડબેઠકમાં ફક્ત શારીરિક કસરતનો વ્યાયામ જોવા મળે છે. જ્યારે સૂર્ય નમસ્કારમાં પ્રાર્થના કરી દૃઢ સંકલ્પ દ્વારા આહવાન આપીને તેમની શક્તિઓની પ્રાપ્તિ અર્થે સૂર્ય નમસ્કાર કરવામાં ભાવ છુપાયેલો હોય છે. વિધિવત્ તેમના બાર નામોનો મંત્રોચ્ચાર કરી શાસ્ત્રોક્ત રીતે સૂર્યનમસ્કાર કરવામાં આવે છે. જેનો વિશિષ્ટ લાભ શરીર અને મનને પ્રાપ્ત થાય છે. આંતરિક રીતે શક્તિઓનું ઉત્થાન થઈ દૈવી શક્તિઓમાં વધારો થાય છે. નિસર્ગથી નિરામય શાંતિનો સુંદર અહેસાસ થાય છે.

## સૂર્યનારાયણના મંત્રોચાર માટેના બાર નામ અને અર્થ

૧) ૐ મિત્રાય નમઃ સર્વ જગતના મિત્ર
નમસ્કાર મુદ્રા, બંને હથેળીમાં
હળવું દબાણ આપવું




૨) ૐ રવયે નમઃ પ્રશંસા પાત્ર, વખાણવા લાયક.
દ્રષ્ટિ ઉપર તરફ રાખવી.




૩) ૐ સૂર્યાય નમઃ સૃષ્ટિના માર્ગદર્શક
પગ ઘૂંટણથી સીધા રાખી મસ્તક ઘૂંટણ ને લગાડવું, બંને હથેળીને જમીન પર લગાડી દેવી.



૪) ૐ ભાનવે નમઃ સૌંદર્ય ને નિખારનાર
દૃષ્ટિ ઉપર તરફ, ડાબો પગ
પાછળ મૂકવો. (લઈ જવો)



૫) ૐ ખગાય નમઃ સર્વ ઈન્દ્રિયોને સચેત કરનાર.
જમણો પગ પણ પાછળ લઈ જવો,
દૃષ્ટિ અંદરની તરફ કમર થી ઉંચા થવું.




૬) ૐ પુષ્ણે નમઃ પુષ્ટિકાર
દૃષ્ટિ ઉપર તરફ




૭) ૐ હિરણ્યગર્ભાય નમઃ સર્જનશીલ બનાવનાર
દૃષ્ટિ ઉપર તરફ




૮) ૐ મરિચયે નમઃ રોગોને નાથનાર
કમર થી ઉંચા થવું.
દૃષ્ટિ અંદરની તરફ



૯) ૐ આદિત્યાય નમઃ પ્રોત્સાહનના દાતા
દૃષ્ટિ ઉપરની તરફ, જમણો પગ આગળ લાવવો.



૧૦) ૐ સવિત્રે નમઃ સર્વ શુદ્ધિ પ્રદાન કરનાર
હવે ડાબો પગ પણ આગળ મૂકવો.
પગ ઘૂંટણથી સીધા રાખી મસ્તક ઘૂંટણ ને લગાડવું



૧૧) ૐ અર્કાય નમઃ તેજસ્વીતા અર્પનાર
પીઠ સીધી, દૃષ્ટિ ઉપરની તરફ



૧૨) ૐ ભાસ્કરાય નમઃ પ્રકાશમાન બનાવનાર
નમસ્કાર મુદ્રા



## સૂર્ય નમસ્કારના ફાયદા

સૂર્ય નમસ્કાર શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાની લાંબા સમયની પૂજનીય વિધિ છે. આમાં ઘણા બધા મહત્વપૂર્ણ આસનોનો સુભગ સંયોગ છે જેના અભ્યાસથી શરીરના દરેક અંગ સતર્ક અને સચેત થાય છે. સવાર સવારમાં શરીર પર ઓછામાં ઓછા વસ્ત્ર ધારણ કરીને આ ક્રિયા કરાય છે. જ્યારે સૂર્યના કિરણો સુકોમળ અને મંદ હોય છે.

### સૂર્ય નમસ્કાર દ્વારા શરીરસ્થ તંત્રોને પ્રાપ્ત થતા ફાયદાઃ-

૧) **પાચન તંત્ર :** સૂર્ય નમસ્કારની વિભિન્ન અવસ્થાઓમાં શરીર પર દબાણ અને ખેંચાણ આવે છે. પાચનતંત્રના અંગો જેવા કે યકૃત, જઠર, નાનું આતરડું, મોટું આંતરડું, કિડની વગેરેને કુદરતી માલિશ પ્રાપ્ત થાય છે જેના વડે દરેક અંગો સતર્ક અને સતેજ બને છે. કાર્યક્ષમતામાં વધારો થાય છે. પાચનશક્તિ વધવાથી કબજીયાત, અપચો વગેરે તકલીફ દૂર થઈ જાય છે. અંદરના અવયવ યથાસ્થાને રહે છે. (સ્થાનભ્રષ્ટ થતા નથી.) પેટની માંસપેશીઓ લચીલી અને મજબૂત બને છે.

૨) **શ્વસન તંત્ર :** સૂર્ય નમસ્કારમાં આસનની ક્રિયા અને શ્વસનની ક્રિયા એક સાથે થવાથી ફેફસામાં વાયુનું આગમન ઉત્તમ પ્રકારથી થાય છે. આનાથી લોહીમાં ઓક્સિજન વધારે માત્રામાં ભળે છે અને કાર્બન ડાયોક્સાઈડ તેમજ નકામા ગેસ બહાર કાઢવામાં મદદ મળે છે.

૩) **રુધિરાભિસરણ તંત્ર :** હૃદયની કાર્યશક્તિ પ્રબળ બને છે અને બીજા બધા જ તંત્રોમાં રુધિરાભિસરણની ગતિ વધે છે. આખા શરીરમાં લોહીનો સંચાર સારી રીતે થવાથી શરીર નિરોગી બને છે.

૪) **જ્ઞાન તંત્ર :** કરોડરજ્જુ પર દબાણ અને ખેંચાણના પ્રભાવથી કરોડ તંદુરસ્ત અને લચીલી બને છે. સમગ્ર જ્ઞાન-તંત્રને સ્થિરતા અને બળ પ્રાપ્ત થાય છે. તન, મન ચિંતામુક્ત થઈ શાંતિ થાય છે. મેરુદંડના મણકાઓને શુદ્ધ લોહી પ્રાપ્ત થાય છે. કરોડરજ્જુની તેમજ ત્યાંથી નિકળતી બધી જ નાડીઓને સુંદર કસરત પ્રાપ્ત થાય છે. મસ્તિષ્કમાંથી નિકળતા જ્ઞાનતંતુ બળવાન બને છે. હાથ, પગ, ગરદન, પીઠ, નાભિ, છાતીની તમામ નાડીઓ પ્રભાવિત થાય છે.

૫) **અંતઃસ્ત્રાવી ગ્રંથિઓઃ** સૂર્ય નમસ્કાર દ્વારા અંતાસ્ત્રાવી ગ્રંથિઓ ઉત્તેજિત તથા સંતુલિત થાય છે. કંઠસ્થ ગ્રંથિ તેમજ બીજી ગ્રંથિઓ પર પ્રભાવ પડે છે.

૬) **સ્નાયુ તંત્ર :** સૂર્ય નમસ્કારથી સંપૂર્ણ શરીરના સ્નાયુ સશક્ત બને છે, શુદ્ધ લોહીની પ્રાપ્તિ થાય છે. માંસપેશીઓનો વિકાસ થાય છે.

૭) **પ્રજનન તંત્ર :** સૂર્ય નમસ્કારથી અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ પરના પ્રભાવથી છાતીના સ્નાયુઓ વિક્સિત થાય છે. ગર્ભાશય તેમજ અંડાષયને કાર્યક્ષમ બનાવે છે. માસિક ધર્મ સંબંધી બધી જ તકલીફો દૂર થાય છે તેમજ અંડકોષ સંબંધી તમામ તકલીફો દૂર થાય છે.

૮) **આવરણ તંત્ર :** શરીરના ઉપદ્રવી તેમજ નકામા દ્રવ્ય ત્વચા, કિડની, ફેફસા, આંતરડા દ્વારા બહાર ધકેલાય છે. આથી શરીરની દુર્ગંધ દૂર થાય છે. ચામડીના રોગ અટકે છે. વાળ સફેદ થવાનું ઓછું થાય છે.

૯) **અસ્થિ તંત્ર :** સૂર્ય નમસ્કાર દ્વારા મેરુદંડ તથા ગરદનને ઉત્તમ કસરત પ્રાપ્ત થાય છે. વધારે કાર્યક્ષમ બને છે. હાથ-પગ તથા અંગોના હાડકા તેમજ સાંધા મજબૂત બને છે.

# બાલાસિનોર કે. એમ. જી. જનરલ હોસ્પિટલ

## નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ

૧) **શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ નિદાન કેમ્પઃ** તા. ૧૭-૧૧-૧૩ને રવિવારના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૬૫ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૧૬૦ દર્દીઓ તપાસેલા. તમામ દર્દીઓને પેથોલોજી ટેસ્ટ તથા દસ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ તથા જરૂરીયાતવાળા ૨૪ દર્દીઓના ઈસીજી ફ્રી કરવામાં આવેલા. આ કેમ્પમાં કુલ માફી ૩૫૧૧૯.૬૦ની કરવામાં આવેલ.

૨) **આઈ ચેકઅપ કેમ્પઃ** તા. ૧૬-૧૧-૨૦૧૩ના રોજ યોજવામાં આવેલ આ કેમ્પમાં વડોદરાના નિષ્ણાંત આઈ સર્જન ડૉ. ચેતના સુતરીયા તથા ડૉ. ઉર્વી પુરોહિતએ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૩૦ દર્દીઓએ લાભ લીધેલ.

૩) **શ્રીમતી કોકીલાબેન જયંતીલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પઃ** તા. ૫-૧૦-૨૦૧૩ના રોજ લાયન્સ હોલમાં યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૦૫ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ.

૪) **શ્રી લાયન્સ કલબ ઓફ ધોબી તલાવ, મુંબઈ ચામડીના રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૨૭-૧૧-૨૦૧૩ને બુધવારના રોજ યોજવામાં આવેલ આ કેમ્પમાં કુલ ૬૮ દર્દીઓ નોંધાયેલા. તમામ દર્દીઓને તપાસીને જરૂરીયાતવાળા દર્દીઓને ૧૦ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં કુલ રૂા. ૮૨૭૯/-ની દવા માફી આપવામાં આવેલ.

૫) **સરલાબેન મનહરલાલ કડકીઆ (મલમ) દાંતના રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૨૮-૧૧-૨૦૧૩ને ગુરૂવારના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં તમામ દર્દીઓનું ફ્રી નિદાન કરવામાં આવેલ અને જરૂરીયાતવાળા દર્દીઓને ૧૦ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

૬) **શ્રીમતી કોકીલાબેન જયંતિલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પઃ** તા. ૩૦-૧૧-૨૦૧૩ના રોજ બાલાસિનોર પોલીસ સ્ટેશન ખાતે યોજવામાં આવેલ. આ કેમ્પાં કુલ ૮૨ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ.

૭) **શ્રી પૂનમચંદ છોટાલાલ દેસાઈ (વકીલ) નેત્રયજ્ઞ વિભાગ દ્વારા સહયોગીદાતા પૂર્ણિમા શશીકાંત ધારીઆ (દલાલ) ચેરીટેબલ ટ્રસ્ટ નેત્રયજ્ઞ :** તા. ૧-૧૨-૨૦૧૩ થી તા. ૩૧-૩-૨૦૧૪ દરમ્યાન યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં આંખના મોતિયાના ઓપરેશનો ફેકો મનીનથી નેત્રમણી મુકવાના વિનામૂલ્યે કરવામાં આવશે.

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :**

૧) શ્રી બાબુલાલ ચંદુલાલ શાહ (પડાલવાળા) - રૂા. ૨,૫૧,૦૦૦/-

૨) શ્રી ગુણવંતલાલ ઓચ્છવલાલ શાહ (સુરતવાળા) - રૂા. ૨,૫૧,૦૦૦/-

૩) અર્નેસ્ટ એન્ડ યંગ ફાઉન્ડેશન હ. રાજેશભાઈ શાંતીલાલ કડકીઆ રૂા. - ૧,૦૦,૦૦૦/-

૪) હાજીમહંમદયુસુફ એફ. મલેક (પડાલવાળા) રૂા. ૧,૦૦,૦૦૦/-

૫) હાજીમહંમદભાઈ હાજીઈસ્માઈલભાઈ શેખ (બેન્સાવાળા) રૂા. ૧,૦૦,૦૦૦/-

૬) શ્રી બાબુલાલ સાંકરલાલ દેસાઈ - રૂા. ૩૫,૦૦૦/-

૭) શ્રી શશીકાંત ચીમનલાલ પરીખ - રૂા. ૨૧,૦૦૦/- (હ. શ્રી શરદકુમાર (લાદીવાળા) એક સ્ટીલના બાંકડા માટે)

૮) દિપ્તી પરાગ રૂા. ૬૨,૦૦૦/- (બે પલંગના)

૯) ઈશા નિતિન પરીખ રૂા. ૩૧,૦૦૦/- (એક પલંગના)

**સાધન દાન :**

શ્રી જશવંતભાઈ કે. પરીખ, મુંબઈ તરફથી હોસ્પિટલમાં સાધનમાં

૧) લોખંડ પલંગ - ૧ (૨) વોકર - ૧ ( ૩) વ્હીલચેર - ૨ મળેલ છે. સંસ્થા ખૂબખૂબ આભાર માને છે.

**માનદમંત્રીશ્રીઓ - શ્રી રાજેન્દ્ર દેસાઈ, , શ્રી નીતીન પરીખ**

---

# નીંદર રાણી

નીંદર રાણી, નીંદર રાણી, માનભેર તો આવો,, પાપણના પલકારે બેસી રોજ તમે તો આવો.
રૂસણા ના લેશો રાણી, તમે તો મોટા પટરાણી, હૈયાની હાટડીની વાતો, રોજ તને સુણાવું
આગળ પાછળ ફરી હું તો,દૂરથી સાદ પડાઉ, નાના મોટા સૌને વ્હાલી, ખાટ પાટના જોતી
જ્યારે તુ બોલાવે ત્યારે, ઝટપટ હું તો આવું, તું જ્યારે રૂસણા લે તો, કરગરીને બોલાવુ
ઝટપટ ઝટપટ આવો ત્યારે, ઈશને બોલાવી લઉ.

**- સરલાબેન દેસાઈ (દેડકી)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૬ઠી બેઠક તા. ૨-૧૧-૨૦૧૩ સોમવારના રોજ સાંજે ૬.૪૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જસ્મીન શેઠે ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતી.

શ્રી મનોજભાઈ, અમરીશભાઈ કનસેશ્નલ રેટ નોટબુક યોજના અને શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટ બુક રાહત યોજનાના સંયોજક શ્રી સુનીલ મોદીએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી સુનીલ મોદીએ એમનો પ્રથમ પ્રોગ્રામનો હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી (ચેપ) જનસાથી ટ્રોફીના સંયોજક શ્રી ચીરાગ પરીખએ એમનો અહેવાલ રજુ કર્યો હતો. તથા શ્રી દીલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) લાલખા ટ્રોફી તા. ૬-૨-૧૪ થી ૯-૨-૧૪ બાલાસિનોર ખાતે રમાશે.

શ્રી ચીરાગ પરીખે બીપીએલ ક્રિકેટનો અહેવાલ રજુ કર્યો હતો.

શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક શ્રી નીલેશ શાહ અનઉપસ્થિત હોવાથી ખજાનચી શ્રી નીકેશ ગાંધીએ અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

કુલ ૫ લીવની અરજી અને ૨ આજીવન સભ્યોની અરજી આવી હતી તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવી હતો.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી : શ્રી ભાવેશ મોદી**

---

## પ્રેમભરી અશ્રુ અંજલિ

વ્યર્થ અશ્રુધારા વહાવીને શું ફાયદો
આજે એ સમય પસાર થઈ ગયો છે.
તારી યાદોની એક એક પળ નજરની સામે છે,
પણ આજે એ સમય પસાર થઈ ગયો છે.
પા પા પગલી કરીને અમને મોટા કર્યા
પણ આજે એ સમય પસાર થઈ ગયો છે.
મારા જીવનથી તારા મૃત્યુ સુધીનો સફર સાથે રહ્યા,
પણ આજે એ સમય પસાર થઈ ગયો છે.
જાણતા અજાણતા તારું દિલ દુખાવ્યું હોય
તો મા અમને ક્ષમા કરજે, પણ
આજે એ કહેવાનો સમય પસાર થઈ ગયો છે.
અશ્રુભીની શ્રધ્ધાંજલિ તને અમારા સૌની
પણ તારા સહવાસનો સમય પસાર થઈ ગયો છે.
કહેવું અને સાંભળવું તો ઘણું છે
પણ તારા કહેવાનો અને મારા સાંભળવાનો
સમય પસાર થઈ ગયો છે.

**- રષેશ પરીખ**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

**૧) ધારીઆ નીતીન મોહનલાલ (કંસારા)**
M 5|30|236 શાસ્ત્રી નગર,
એકતા ગેસની બાજુમાં,
નારનપુરા અમદાવાદ - ૩૮૦૦૧૩
મો.: નીતીન એમ. ધારીઆ - ૯૭૨૬૧૮૫૪૬૭
પૂર્ણીમા એન. ધારીઆ - ૯૭૨૬૧૮૫૩૨૪
અમિષ એન. ધારીઆ - ૯૬૮૭૬૪૦૪૦૯
પ્રતિક એન. ધારીઆ - ૯૮૨૩૮૧૬૭૫૧૬

**૨) સુધીર ચીમનલાલ ધારીયા (રંગુનવાલા)**
**શાનુપ સુધીર ધારીયા (રંગુનવાલા)**
૫૦૧, રામનીવાસ પાંચમેમાળે,
જી.બી.ઈન્દુલકર માર્ગ, રમાગુલાબ સુભાષ રોડ,
ભુતા સ્કુલની પહેલા, વીલેપાર્લા (ઈ)-મુંબઈ - ૫૭.
મો.: સુધીર - ૦૯૮૧૯૮૨૯૨૬૬,
મો.: શાનુપ - ૦૯૮૯૨૦૬૦૫૦૪,
ઘરનો : ૦૨૨-૨૬૮૩૩૯૯૯

**3) Manish Babulal Desai**
C/902, Raj Hill Building No.2
Datta Pada Road, Borivali (East)
Mumbai - 400066
Manish Babulal Desai - 9820685196 - 022052552
Nimisha Manish Desai - 9664961132
Meet Manish Desai- 9699859168

## સમુહ ભોજન

**મલાડ વસતા** બાલાસિનોરવાસીનું સમુહ ભોજન તા. ૧૨-૧-૨૦૧૪ના રોજ સવારે ૧૧ કલાકે સ્થળ : નડીઆદવાલા માર્કેટ હોલ, લક્ષ્મી નારાયણ શોપીંગ સેન્ટર સામે, પોદાર રોડ, મલાડ (ઈ). મુંબઈ- ૯૭ સ્થળે રાખેલ છે તો આપ સૌને પધારવા માટે આમંત્રણ છે.

**- દિલીપ ધારીઆ**

## સમુહ ભોજન

**બોરિવલી થી વિરાર** સુધી વસતા બાલાસિનોર વાસીઓનું સમુહ ભોજન તા. ૫-૧-૨૦૧૪ને રવિવારે ૧૨ કલાકે ગુરુદ્વારા સાઈબાબા નગર, બોરિવલીમાં રાખ્યું છે. આપ સૌને આમંત્રણ છે.

**- હેમેન્દ્ર શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| મંજુલાબેન નટવરલાલ દેસાઈ પડાલવાલા | ૮૭ |
| મંજુલાબેન કાંતીલાલ કડકીયા | ૮૮ |
| મધુકાંતાબેન રસીકલાલ મોદી વિમાવાળા | ૮૧ |
| મંજુલાબેન શાંતીલાલ શાહ પડાલવાલા | ૮૯ |
| દમયંતી દ્વારકેશ શાહ | ૮૭ |
| પુષ્પાબેન વિરેન્દ્રભાઈ ત્રિવેદી | ૭૮ |
| પુષ્પાબેન જગમોહન પરીખ | ૮૨ |
| ઉદય નવનીતલાલ શાહ (વસનજી) | ૫૪ |
| પરેશ ભીખાલાલ લલ્લુભાઈ ધારીયા | ૫૯ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**